
સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી
વિશ્વ તરફની ઉડાન
પંખ
અંક ૬૩ | જૂન ૨૦૨૨
રક્તમાં પણ છે પ્રદૂષણ કેટલું ?
આ હવાને ગાળવાથી શું હવે ?
ક્યાં બચ્યું છે એક પણ જંગલ કશે ?
પાનખરને ટાળવાથી શું હવે ?
- હર્ષ બ્રહ્મભટ્ટ

## ❖ અમારો સંપર્ક અહીં કરો...

WhatsApp
https://wa.me/916355953355

Telegram
https://telegram.me/pankhemagazine

Gmail
pankhemagazine@gmail.com

## ❖ અમને Follow અહીં કરો...

Facebook
https://m.facebook.com/pankhemagazine

Instagram
https://www.instagram.com/pankhemagazine/

Telegram Channel
https://t.me/pankhemagazineofficial

Twitter
https://twitter.com/pankh_emagazine

YouTube
https://m.youtube.com/channel/UCakmCpwf4oF2ZICl-YPlVDg

## ❖ અમારા વિશે સંપૂર્ણ માહિતી અને જૂના અંકો...

Website
https://pankhmagazine.com/

પંખ e-magazine
સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી વિશ્વ તરફની ઉડાન

● 'પંખ'ના પ્લેટફોર્મ પરથી ઓનલાઈન કે ઓફલાઈન પ્રકાશિત થતા કોઇપણ લખાણના વિચારો સર્જકના પોતાના છે. એ વિચાર સાથે ટીમ પંખના સભ્યો સહમત છે જ, એવું માની લેવું નહિ. આથી લખાણને લીધે કોઈ પણ વિવાદ ઉભો થાય તો એની જવાબદારી સંપૂર્ણપણે સર્જકની પોતાની રહેશે. 'પંખ' આમાં દરમિયાનગીરી કરવા બાધ્ય નથી.

● 'પંખ'ના પ્લેટફોર્મ પરથી ઓનલાઈન કે ઓફલાઈન કોઈ પણ પ્રકારે પ્રકાશિત સામગ્રીમાં મોટેભાગે સર્જકની પરવાનગીથી જ કૃતિ મુકવામાં આવે છે. ક્યારેક કોઈ સર્જકની પરવાનગી લીધા વગર એમની કોઈ કૃતિ કોઈપણ સ્વરૂપે મુકવામાં આવે તો એમાં અમારો એક જ શુભ આશય છે કે સર્જકના લખાણને બિરદાવવું અને ગુજરાતી ભાષા વાંચી શકતા મહત્તમ લોકો સુધી સર્જકોની કૃતિ પહોંચાડવી અને વધુને વધુ લોકોને ગુજરાતી ભાષામાં રસ લેતા કરવા.

● અમારું સ્પષ્ટપણે માનવું છે કે, કૃતિ લખાય જાય એ પછી લોકોની બની જાય છે. પણ એ સર્જવા માટે સર્જકે કરેલા શ્રમને યોગ્ય શ્રેય મળે, એ માટે કૃતિની સાથે એના સાચા સર્જકનું નામ જોડાય, એ અમારો મહત્તમ પ્રયાસ રહેશે.

● અત્રે, 'પંખ' કોઈ રાજકીય, સામાજિક કે ધાર્મિક વિચારધારા પ્રત્યે પક્ષપાત કરતું નથી. તદુપરાંત, 'પંખ' બિનવ્યવસાયિક ધોરણે કામ કરે છે અને અમારા માટે આ આર્થિક ઉપાર્જનનું સાધન નથી.

● ‘પંખ’ સંપૂર્ણપણે સાહિત્યિક હોવાનો દાવો કરતું નથી. આથી લાક્ષણિક ગુજરાતી સાહિત્યના બધા જ નિયમો પળાય, એ જરૂરી નથી. ‘પંખ’ ગુજરાતી મેગેઝીન છે, ગુજરાતી ભાષાનું મેગેઝીન નથી.

# સંપાદકની કલમે



## યાજ્ઞિક વઘાસિયા

### પ્રદૂષણની પ્રત્યક્ષ

ઓહ... ઓહ.... ઓહ.... 'પંખ'ના આ અંક સાથે ત્રેસઠ અંક પૂરા થાય છે. વરસાદનું આગમન, પણ વાતાવરણમાં બફારો, એ બહુ અકળાવનારી બાબત છે. વરસાદ રોમેન્ટિક અને ખુશનુમા હોવાની સાથે-સાથે આપણને હેરાન કરતી ઘટના પણ છે. જે વરસાદ કોઈ એક ક્ષણે કોઈ એક વ્યક્તિ માટે ખુશીનું કારણ હોય, એ જ વરસાદ બીજી વ્યક્તિ માટે ચિંતા અને દુઃખનું કારણ પણ હોઈ શકે! માણસોનું પણ એવું જ ને? વિચારજો...

આપ સૌ તરફથી, 'પંખ'ના કન્ટેન્ટ સાથે કવરપેજીસને પણ અઢળક પ્રેમ મળ્યો છે. કવરપેજ હંમેશા અંદર રહેલી સામગ્રીનું પરિમાણ અને પરિણામ બંનેની બહુ નજીક લઇ જાય છે. આ અંકમાં ફ્રન્ટ-કવરમાં રહેલો ફોટોગ્રાફ જ જુઓ. પહેલી નજરે આ ફોટોગ્રાફ ખેતરમાં પાક પર જંતુનાશક દવાનો છંટકાવ કરતા વ્યક્તિનો ફોટો લાગે છે. પણ હકીકતમાં આ ફોટોગ્રાફ આવા કેમિકલ્સનો ઉપયોગ કરીને હવા, પાક અને આ પૃથ્વીને પ્રદુષિત કરનારી સમગ્ર માનવજાતિનો ફોટોગ્રાફ નથી? એવું પણ કહી શકાય કે, એ વ્યક્તિના મોઢે બાંધેલો રૂમાલ એ કેમિકલથી બચવા માટે નહીં, પણ આ પૃથ્વીને પ્રદુષિત કરવામાં પોતાના 'યોગદાન'ની શરમથી મોઢું છુપાવવા માટે છે!

બેક-કવરમાં પણ અદ્ભુત ફોટોગ્રાફ છે. આપણે જ્યાં રહીએ છીએ, ત્યાં હવે શુદ્ધ હવાની કલ્પના કરવી એ પણ એક ભૂલભરેલું પગલું જ છે ને? પ્રતિકાત્મક રીતે પ્લાસ્ટિકના કચરાની વચ્ચે હાથમાં એક બંધ બોટલમાં એક નાના છોડમાંથી ઓક્સીજન માસ્ક વાટે ખેંચતો એક નાનો છોકરો, જે આપણી જ પછીની જનરેશન છે, એના ભવિષ્યમાં આપણા જ ભૂતકાળના અને વર્તમાનકાળના કર્મો દ્વારા સર્જાનારા ભયાવહ દ્રશ્યોની કલ્પનાનું એક લખલખું આપણા દિલોદિમાગમાંથી પસાર ના થાય તો ઈશ્વરે આપણને 'માણસ' બનાવીને મોટી ભૂલ કરી છે, એમ માની લેવું.

આપણી આસપાસ એવું વાતાવરણ ઉભું કરી દેવામાં આવ્યું છે કે, જે માટેની ચિંતા આપણને હોવી જોઈએ, એના બદલે

આપણને અલગ રીતે ચિંતા થાય, અને અલગ રીતે ભય અનુભવાય. જો કે, એ વાત પછી ક્યારેક... અત્યારે તો આ અંક વાંચો...

આ અંકમાં તમને ઇસ્માઇલભાઈ નાગોરી લિખિત 'વાડી પરનાં વહાલાં' લેખ વાંચવા મળશે. જેમાં એમણે વાડીની લીલી દુનિયા વિશે રસપ્રદ વર્ણનો કર્યા છે. પ્રકૃતિની નજીક જવાનો આ મોકો ચૂકવા જેવો નથી. એ સિવાય આ અંકમાં દર અંકની જેમ વાંચવાલાયક બીજી રસપ્રદ સામગ્રી તો ખરી જ! આં અંક વાંચીને આપના પ્રતિભાવો અવશ્ય આપજો...





# જસ્ટ બે મિનિટ

## સાચવણ

### ડૉ. રંજન જોષી

પ્રેરક લગભગ અઠવાડિયામાં બે વખત પ્રિયાને કહેતો, "સંબંધ જવાબદારીથી સચવાય, જબરદસ્તીથી નહીં." હજુ તો સગાઈને પૂરો એક મહિનો પણ નહોતો થયો. જ્યારે જ્યારે પ્રિયા પ્રેરકને કહે, "ના, તારા ઘરે નથી આવવું. ત્યાં તારા મમ્મી ને બધા હોય. બહાર મળીએ." ત્યારે ત્યારે પ્રેરક ગુસ્સે થઈ પ્રિયાને ઉપરનું વાક્ય જ સંભળાવતો. આ પ્રેમલગ્ન માટે માંડ બંને પરિવારો માન્યા હતા. પ્રિયા સમસમીને બેસી જતી, પણ તેને ગમતું નહીં.

એક મહિના પછી પ્રેરકના મમ્મી કૉરોનામાં સપડાયા. પ્રિયા નર્સ હોવાના કારણે તેમને ફોન પર સલાહ સૂચન આપ્યે રાખતી. તબિયત વધુ બગડી ને પ્લાઝમા થેરાપીની ટ્રીટમેન્ટ શરૂ થઈ. પ્રેરક આખા ગામમાં ડૉનર શોધી ખાલી હાથે પાછો ફર્યો ત્યારે ડૉક્ટરે કહ્યું, "તમારા મમ્મીને પ્લાઝમા અપાઈ ગયું છે. સિસ્ટર પ્રિયાએ જ ડોનેટ કર્યું..." ત્યારે પ્રેરક બે ઘડી પ્રિયા સામે આભારવશ નજરે જોઈ રહ્યો. પ્રિયા જાણે જતાં જતાં કહેતી ગઈ, "સંબંધ જવાબદારીથી સચવાય, જબરદસ્તીથી નહીં."





રમેશ પારેખ

# Connecting... કવિતા

## ગીત

ફાગણની કાળઝાળ સુક્કી વેળામાં તારું પહેલા વરસાદ સમું આવવું
હવે આંખોને કેમ રે ભુલાવવું

બળતે બપ્પોર ભીનો પગરવ સુણીને
કાંઈ વાસ્યાં કમાડ અમે ખોલ્યાં
ચારે આંખોનાં એવાં અંધાર્યાં વાદળાં
કે શમણે આવેલ મોર બોલ્યા
ઓચિંતા ધોધમાર સામસામે આપણે ઊભાં રહ્યાં-નું પૂર આવવું

ફળિયે પલાશફૂલ નીતરતું ઝાડ
અને હું રે વેરાઈ જઉં રાનમાં
મારી હથેળીમાંય એવી રેખાઓ
જેવી રેખા છે ખાખરાના પાનમાં
લીંબોળી વાવીને છાંયડા ઊછેરું પણ ચોમાસું કેમ કરી વાવવું ?

ફાગણની કાળઝાળ સુક્કી વેળામાં તારું પહેલા વરસાદ સમું આવવું
હવે આંખોને કેમ રે ભુલાવવું



## બંસરી જોષી

# અંતરકેડી

## મનડામાં મોતી બંધાણું



"અલી એય ગંગુડી... હાલ હવે ઝટ કર નહીંતર બાપુ બેયને મેલીને ખેતરે વયા જાશે ને મારી ગાવડી 'જીવલી' મારી વિણ અડધી અડધી થાતી રેહે. હાલ હવે ઝટ કર ને એલી!"

આમ બોલીને દેવુએ ગંગુનાં નામનો હાકોટો ફરીદાણ નાંખ્યો. દેવુ અને ગંગુ એક જ ગામમાં સામસામી હાટડીએ રહેતી બે પાક્કી બેનપણીઓ. બેયની ગોઠડીનું સમીકરણ એટલું પાક્કું કે દી'રાત એકબીજાની હારોહાર જ ઉગે ને હારોહાર જ આથમે. ગામવાળા તો બેયના બેનપણાં જોઈ એમ જ કહેતા કે, "ગ્યા ભવમાં બેય બેનું જ હશે, તઈ જ આ ભવેય ખાલી લોહીના સંબંધ નથ, પણ લાગણીનાં એટલા ઘેરાં કે એક નો મળે તો બીજીયે ખોવાઈ જ હોય."

દેવુને વનવગડો, ઢોર ને પારેવા હારે બહુ પ્રીત. નિતનવા છોડવાં વાવવાયે એને બહુ ગમે. દેવુનું ફળિયુ પુરૂ થાય એટલે ગંગુનું ફળિયુ શરૂ થાય. નાનપણથી જામેલી ગોઠડી ને નાનપણથી જ બંધાયેલા બેનપણાં જુવાનીને ઉંબરે પણ એટલા જ પાક્કા રહ્યાં. બેય હારે રમતાં રમતાં મોટી થઇ ગઈ. હારે જ થોડીઘણી ચોપડી ભણી ને બેયના લગનનાં માંડવાયે હારે જ રોપાણાં. લગન રંગેચંગે હારોહાર થ્યા. બેયનાં ખેતર પાદર પણ હારોહાર જ નોખા થ્યા. એકનું ગાડુ ગામની સીમથી એક કોર વળ્યું ને બીજીનું ગાડુ સીમથી બીજે પાદરે હાલ્યું.

બેય સુખી પરિવારની પરણેતર બની. વરસ તો વિતતા હાલ્યા. વડવાઓનાં આશિષથી દેવુને ઘેર બે દેવ જેવા દીકરા અવતર્યા. બીજી કોર ગંગુને ઘેર પણ એક દીકરો થ્યો અને સુખદ સંયોગે બેઉ એકહારે જ પોતાનાં ગામ પોતપોતાનાં દીકરાઓનાં જીયાણાં વાળવા

આવી પુગી. થોડા દી' રોકાઈ રગેચંગે પિયરેથી પાછી વળી પણ બેય અજાણ હતી કે હવે છૂટી પડી તો વરસોના વ્હાણા વાય જાશે ને રામજાણે ક્યારે ભેગી થાવા પામશે?

પોતાનું આણું લઈ દેવુ સાસરીયે આવી પુગી. એક દી’ ની વાત છે, દેવુ પોતાના વહાલસોયા દીકરાને પારણે હિંચકાવતી હતી. ત્યાં અચાનક દેવુનો ધણી એની પાહેં બેહીને બોલ્યો, “દેવુ. હાલ તો હવે હું જાઉંસુ. પણ મારી વાંહે તારી હારુ બે વાઘ મૂકતો જાઉંસુ.’’ દેવુ તો હાલરડાની ધૂનમાં મગન હતી એને કઈ સમજાણું નહીં. એને લાગ્યું, ખેતરેથી વળતા મોડું થવાનું હશે એટલે આમ બોલતા હશે. એ તો દીકરાને પોઢાડી પોતાને કામે વળગી ગઈ. જોતજોતામાં સંધ્યાટાણું થઇ ગ્યું. રોજ તો દેવુના ધણી સંધ્યા થઇ જાય એ પહેલા જ પુગી જતા, પણ આજ તો રાત વળી ગઈ તોય દેખાણાં નહીં.

દેવુને તો હવે ચિંતા પેઠી. એ તો બેય કાંખમાં છોકરાઓને તેડી ધણીની ભાળ મેળવવા ઉપડી. ખેતરે જતી જ હતી ત્યાં જ મારગમાં વાવડ મળ્યા કે એનો ધણી ગામ છોડી રાતોરાત ગુમ થઇ ગયો છે. દેવુને તો જાણે માથે આભ પડ્યું. બેય છોકરાને કાંખમાં રાખીને જ રોતીરોતી આકળ-વિકળ થતી ઘર ભણી પાછી હાલી. દેવુનું મન ગામવાળાની વાત્યુંથી ચકરાવે ચડ્યું.

“આટલો ભર્યોભાદર્યો સંસાર છોડી ઈ કીમ વયા ગ્યા હશે? કાંઈ એંધાણ લગીરેય નો આવવા દીધા ને આમ મને નોંધારી મૂકી દીધી?" મનોમન પીડાતી રહી. ત્યાં અચાનક એને સાંભર્યું કે આજ સવારે જ શિરામણ કરતાં કરતાં ઈ મને કહેતા હતા કે, “મારી વાંહે બે વાઘ મૂકતો જાઉંસુ.”

હે પરભુ... ઈ ગામ છોડી જવાની વાત કરતા’તા ને હું એમની એ વાતનો ભેદ નો હમજી. હમજતી પણ કેવી રીતે? આખરે અમારી સુખી સંસારની નાવડીમાં આવો ઊંધી ધારનો તરાપો મારવાનો વચાર એમને આવશે, એવું તો કેમ કરી કળી શકાય? આ કેવી અણધારી આફતમાં મને પુગાડી દીધી પરભુ તમે? હવે તો તમે જ ધણી ને તમે જ નાથ."



પોતાના ધણીની આવી અણધારી વિદાયને જીવનનો કડવો ઘૂંટડો માની ગળી જવા સિવાય દેવુ પાસે બીજો વિકલ્પ પણ નહોતો. દેવુએ એને કઠણ કાળજે હલક નીચે ઉતારી લીધો ને પોતાનું બધું ધ્યાન બેય દીકરાના ઉછેરમાં પરોવી દીધું. ખેતર ને ઢોરની જવાબદારી પણ હવે એણે એકલ પંડે જ નભાવાની હતી. પરોઢની પહેલી કિરણથી જ એની આંખ્યું ઉઘડી જાય અને ગંગુ કોદાળી, પાવડા ને પોતાના બે બળદિયાને ગાડા હારે જોડી ખેતરે ઉપડી જાય. ધણીનું મોત થયું હોત તો વિધવા પેઠે પણ રહી લેતી પણ ધણીનાં કોઈ વાવડ ના આવે ત્યાં લગ ચૂડી ચાંદલો ને રંગીન સાડલા પહેરતી રહેશે એવાં મક્કમ નિર્ધાર હારે એ રોજ કપાળે પોતાના ધણીનાં નામનો ચાંદલો કરે ને સેંથી પણ સૂની નો રાખે. કઠણ કાળજે આશ છોડ્યા વગર શૃંગાર કરે. ખેતર ખેડે ને હારોહાર છોકરાનેય ઉછેરે.

ખેતર ને ઢોરના દૂધથી આવતી આવકમાંથી જ એણે બેય છોકરાવને ભણાવ્યા ગણાવ્યા ને મોટા કર્યા. દેવુનો મોટો દીકરો આમ ઘણો હુંશિયાર પણ જરા વધુ લાગણીવાળો. એ જરી જરી વાતે દુ:ખી થઇ જાય. નિશાળમાં બીજા ભાઈબંધો એને ઘણીવાર એના બાપુનું નામ લઇ ચીડવે ને મહેણાં મારી મારીને હાંસી ઉડાવે. એ રોજ ઘરે આવે ને માંને વાત કરે. દેવુ એને હમજાવે કે, “જો દીકરા કરમનાં દેશીહિસાબને નકારી નો હકાય. કોઈ વાર કોઈના કર્મે કોઈને ભોગવટા આવે તો ઇ લેવાય પડે પણ એમાં મૂંઝાવાનું નહીં. કાળજુ કઠણ કરતાં શીખવાનું ને વાતુને કાને નહીં ધરવાની.” છોકરો માંના વેણ સાંભળી માથું ધુણાવે પણ એને વાતે વાતે લાગી આવે.

એક દી’ દેવુ ખેતરનો પાક વાઢી ઘર ભણી પાછી વળી રહી હતી ત્યાં દેવુની એક પડોશી બઈ દોડતી દેવુ પાસે આવી ને બોલી. ”ઝટ હાલો તમારા દીકરાએ ગળે ટૂંપો દીધો છે." દેવુ તો…

(વધુ આવતા અંકે…)

(વિજેતા કૃતિ અને પુસ્તકમાં સ્થાન પામેલી સત્યચરિત્ર અને સત્યઘટનાઓ પર આધારિત નવલિકા)





અર્પણ ક્રિસ્ટી

## ગઝલ

હિત કહ્યું મારું તો સલવાઈ ગયા,
સૌ હિતેચ્છુ લોક પરખાઈ ગયા!

જૂથવાદી તત્વોનાં હું નામ કહું?
પણ તમે શું કામ ગભરાઈ ગયા?

સગપણો, અસલી ફૂલો જેવાં હતાં,
ફૂલ કાગળનાય કરમાઈ ગયા.

તેં બટન દાબ્યું ખૂનીને ચૂંટવા,
હાથ તારા ત્યાં જ ખરડાઈ ગયા.

સૌથી મોટો બંગલો ઊભો થયો,
ઘર ઘણાં નીચે જ ધરબાઈ ગયા.

વાળ ધોળા, થાય નહિ કાળા ફરી,
તું કહે છે, "દોસ્ત બદલાઈ ગયા?"

આપ તો જીવતા અલગ, લખતા અલગ,
શેર મારા તમને સમજાઈ ગયા?

# Connecting... કવિતા



શબનમ ખોજા

## ગઝલ

કેટલો નાદાનીથી વર્તે છે તું
એય મારે કહેવું કે ગુસ્સે છું હું?

સ્પર્શ અધરોનો થતાં એવું થયું
વાંસળીમાં પ્રાણ કોઈ ફૂંકતું!

સાથ તારો કોઈ દી' ના છોડશું
હો ભલે શ્રાવણ કે હો વૈશાખી લૂ!

જો અતિ થઈ, એ ય કરમાઈ જશે
છોડને ઝાઝો નહીં પંપાળ તું.

વેણ મીઠા હો એ મમળાવ્યા કરો
બોલ કડવા સાચવી કરવાનું શું?

હર વખત જાજમની આશા રાખ નહિ,
માર્ગ કાંટાળો હો તોયે ચાલવું.

એ સમય સામે બધું પાણી ભરે
જ્યાં અમે પાણીને પણ કહેતાં'તા ભૂ.



શબનમ ખોજા

# Connecting... કવિતા

## ગઝલ

પળે પળ પ્રમાણી છે તારી પ્રતીક્ષા.
મને ખૂબ વ્હાલી છે તારી પ્રતીક્ષા!

ઘણી મંઝિલો ભેટતી સામે આવી
છતાંયે મેં માંગી છે તારી પ્રતીક્ષા.

ચળક ચાંદની જેવો છે પ્રેમ મારો
ગુલાબી ઉદાસી છે તારી પ્રતીક્ષા!

સદા એને સિંચું છું હૂંફાળા જળથી
મેં આંખોમાં વાવી છે તારી પ્રતીક્ષા.

બધા ભાવનો એ અનુભવ કરાવે
નવે રસની રાણી છે તારી પ્રતીક્ષા!

છડેચોક કાયમ હું ભેટી પડી છું,
ક્યાં જગથી છુપાવી છે તારી પ્રતીક્ષા!

# વાર્તા-સેતુ

## ચપટી





### તેજલ શાહ

પન્ના નાયક અને પન્ના ત્રિવેદી. સાહિત્ય ક્ષેત્રે બંને જાણીતાં નામ. પન્ના નાયકનું કવિતા ક્ષેત્રે ખેડાણ વધુ છે અને પન્ના ત્રિવેદીનું વાર્તા ક્ષેત્રે. 'ચપટી' વગાડતામાં બંનેને સફળતા હાથ નહિ જ લાગી હોય એટલું નક્કી. 'ચપટી' એ શીર્ષક હેઠળ પન્ના ત્રિવેદીએ માર્મિક, વેધક છતાં સહજરીતે એક સ્ત્રીની મનોવેદનાનું દર્શન કરાવતી વાર્તા સર્જી છે. ગતાંકે વૉટરપંપે એનો પરચો બતાવેલો. આ વેળા કથાનાયિકા શત્રુને પરચો બતાવે છે કે એ જોવું રહ્યું.

રોજિંદા જીવનમાં કેટકેટલી તારીખો યાદ રાખવી અનિવાર્ય થઈ પડે. સ્નેહી-સંબંધીની જન્મતારીખ, લગ્નતિથિ(અલબત્ત પોતાની તો ખાસ), આવનાર પ્રસંગોમાં ઉપસ્થિતિ, ઓફિસની મિટિંગ કે ખાનગી મુલાકાતો! એમ તો ઐતિહાસિક તવારીખો રાજકીય પક્ષ માટે ગમે ત્યારે સફાળી બેઠી થઈ જાય. બોલિવૂડ એમાંથી ક્યાં બાકાત રહે? સન્નીભાઈ બૂમો મારતા રહે - 'તારીખ પે તારીખ' કે પછી અજયભાઈ ગોખાવતા રહે કે બીજી ઓક્ટોબરે એ ક્યાં હાજરી પુરાવી આવ્યા?

એક તારીખ સુજાતાને પણ નડી રહી છે, કનડી રહી છે. કનડગત કરનાર આચાર્યશ્રી પ્રભુ સોલંકીની છપ્પન વર્ષની આંખો આગળ આ અઠ્ઠાવીસ વર્ષની ગભરુ આંખો થરથરી રહી છે. સાહેબની દ્રષ્ટિએ ગુનો તો કર્યો જ છે. વર્ગને પૂરી પાંચ મિનિટ ઓછું ભણાવ્યું હતું. પ્રતિક્ષણ પરિવર્તન પામનાર જગતમાં પાંચ મિનિટ વેડફી નાખવી ખોટી બાબત તો કહેવાય, એવું આચાર્યશ્રી સમજાવી રહ્યા છે. એમની આદત પ્રમાણે ચપટી વગાડીને.

સુજાતાની નજરે ફરી શૂન્ય ચીતરવાનું ચિત્ર કરવાનું શરૂ કર્યું. શૂન્યની વચ્ચે તેની નજરે એક નાનકડી સુજાતા ચીતરી. સ્કૂલમાં પહેલીવાર તેના બહેને ચપટી વગાડી હતી પછી એક કવિતા ગવડાવી હતી. "બા મને

ચપટી વગાડતા આવડી ગઈ". અને તે દિવસે આખા રસ્તે નાની નાની આંગળીઓથી મીઠી મીઠી ચપટી વગાડવા મથી રહી હતી, પણ ચપટી કેમ કરીને વાગતી જ નહતી. ને ઘેર જઈને કેટલું રડેલી મા પાસે.પછી મા તેને બેસાડી ને રોજ સાંજે ચપટી વગાડતા એ કવિતા ગાઇને શીખવતી હતી. કેટલી સરસ ચપટી વાગતી હતી માની ચપટી! પણ સાહેબની ચપટી?

સાહેબની ચપટીથી સુજાતાનું માથું ભમવા લાગ્યું, એક પરિચિત સન્નાટો છવાઈ ગયો. છતાં શોર તો સંભળાતો હતો. કણસતાં શ્વાસોનો અને કાગળ પર લસરતી પેનનો. એણે નોંધ્યુ કે સાહેબને લખતી વખતના અને જોતી વખતના એવા બાઈફોકલ એવાં ચશ્માંની જરૂર પડે છે, પણ તે એવા કોઈ ચશ્માં નથી પહેરતા. સુજાતાના ખાલી હાથમાં એક કાગળનું ફરફરીયું હતું - 'મેમો જ હશે'. તેના પગ પાણી પાણી થઈ ગયા. એકાએક જાણે કક્કો ઓળખવાની કે બારાક્ષરી ઉકેલવાની તાકાત પણ તે ગુમાવી બેઠી. કાગળ એટલો બધો વજનદાર લાગ્યો કે તેના કાંડામાં તેના વજનને ઊઠાવવાની તાકાત જ ખલાસ થઈ ગઈ હોય. એ ચૂપચાપ જઈને બેસી ગઈ. જ્યારે જ્યારે મંગો આવીને સુજાતાને કહે છે, "સાહેબ બોલાવે છે." ત્યારે કોઈ કાંઈ બોલતું નથી. છેલ્લા કેટલાક સમયથી કેટલીક રીસેસમાં સ્તબ્ધતા છવાઇ જાય છે. છેલ્લા કેટલાય સમયથી સુજાતાના અગત્યના કાગળો ખોવાઈ જાય છે. રજાના રિપોર્ટ આડા હાથે મુકાઈ જાય છે અથવા તો ટેબલ પરથી કોઈક લઈ જાય છે.

તે બારી પાસે ઊભી રહી ગઈ. ઠંડા પવનની નાનકડી લહેરખી આવી ભીની ભીની આંખોમાં થોડી ઠંડક પડી. સાહેબની કેબિનમાં જઈને મળ્યે હજુ કલાક પણ નહીં થયો હોય ત્યાં મંગાના એના એ જ શબ્દો કાને આવ્યાં. "સાહેબ બોલાવે છે." - એકાએક કોણીનો ટેકો ખસી પડ્યો. સહેજ ઝાંખા પડવા જેવું થયું.તેણે ટેબલ બરાબર પકડી રાખ્યું પણ સાહેબ બોલાવતા હતા એટલે એકલાએ જવાનું હતું. ટેબલને મૂકીને!

ધારે તોય ઘરેથી પોતાને જીવથી વધુ પ્રેમ કરનાર પતિ સુધીરને અહીં લાવી શકે એમ નથી. ઘરે ‘થાકેલી છે, નોકરી છે’ -એમ તેમ કહીને ચલાવ્યે રાખતી હતી. એ દિવસે લસલસ ખાઈને દરવાજો સ્હેજ આડો રાખીને સૂતેલી તે ચિન્ટુથી બંધ થઈ ગયેલો ત્યારેય એવો જ ધ્રાસ્કો પડેલો જેવો નોકરીના થોડા દિવસો પછી એક દિવસ સાહેબની કેબીનનું બારણું આમ જ 'ધડામ્મ' થઈને બંધ થઈ ગયું હતું. ગભરું પારેવાની જેમ ફફડી ઉઠેલી. સુજાતાને જોઈને સાહેબે હસતા હસતા કહેલું,

'ડરી ગયા'? હું બેઠો હોઉં ત્યારે તમારે શું ગભરાવાનું. મને બધી ખબર છે. તમારી મુશ્કેલીઓનો અંદાજ તો છે જ. ઘર ચલાવવામાં તમને કેટલી મુશ્કેલી પડતી હશે. આજના વખતમાં પતિની પચ્ચીસો રૂપૈડીની કમાઈમાં ખાવું શું ને જીવવું શું? તમે તો પાછા પ્રોબેશનમાં નહીં? જુઓને એક ફરફરીયું તમારા નામનું કે ખલાસ! ટેબલ પર મુકેલા પેપર-વેઈટને રમાડતો સાહેબનો હાથ સાડીના પાલવ સાથે રમવા લાગેલો. એમનો હાથ એકદમ હાથ પર મૂકાયો ત્યારે એવું લાગ્યું કે જો જુગુપ્સાના એકહજાર કાનખજુરા આખા શરીરે ફરી વળ્યા હોય તેમ ચીસ પાડી ઊઠી હતી. ત્યાંથી પસાર થતા શર્મા તરત જ દોડેલા. એમને અંદર આવી ગયેલા જોઈને સાહેબ ઝેરીલા અવાજે કહ્યું, "મારી વાત વિચારજો. રાહ જોઈશ."

ભૂતકાળમાંથી બહાર આવી, વણજોઈતી વર્તમાન પરિસ્થિતિમાં એ સાહેબની કેબિનમાં ગઈ. જવું પડ્યું.અંદર પેસતાંની સાથે જ નવા પ્રશ્નનું સણસણતું તીર છૂટ્યું.

-એ જ ચહેરો.

-એ જ અવાજ.

પણ આ વખતે સાહેબની સામેની બંને ખુરશીઓ બોલકા માસ્તરોથી ભરેલી હતી અને સાહેબના શબ્દો પણ જુદા હતા.

"મેડમ સુજાતા, તેરમી તારીખે તમે ક્યાં હતાં?"

“તેર તારીખ?”




“હા, હા તેરમી તારીખ. એ તારીખે બપોરે એક વાગ્યા બાદ તમે તમારી ખુરશી પણ નહોતા. ઘણા લાંબા સમય સુધી. હું તમને જ પૂછી રહ્યો છું. મેં શબ્દો વાપર્યા 'લાંબા સમય માટે'. લાંબા સમયનો અર્થ તો સમજો છો ને? એ દિવસે તમે ક્લાસ નહોતો લીધો. છોકરાઓ તમારી રાહ જોતા બેસી રહ્યા. ત્યાં સુધી રાહ જોવાનો અર્થ સમજો છો ને? આ પહેલા પણ સમજાવવાનો પ્રયાસ કરેલો તમને. યાદ છે ને? પણ તમે તો ખેર છોકરાઓના બૂમ-બરાડા જોયા હોત તો.... બાજુમાં વર્ગો લેતા બંને શિક્ષકની ફરિયાદ આવી હતી. એમને કંઈ તમારી જેમ ગુજરાતીનાં ગીતો નહોતા ગવડાવવાનાં કે વાર્તાઓ કહી ને છોકરાં પટાવી મારવાના નહોતા. મહત્વનું હતું ભણાવવાનું. આ સ્કૂલની રેપ્યુટેશનનો ખ્યાલ છે તમને? અહીં

ડોક્ટરો અને એન્જિનિયરો પેદા કરવાના છે."

સુજાતાના મોં સુધી આવી ગયું.- "અને તમારા જેવાં પણ..."

તે ઘરે આવી. રાત વહી રહી હતી. તે પણ ચંદ્રની સાથે ક્યાં સુધી જાગતી રહી પણ માંડ ઊંઘનું એક ઝોકું ચડ્યું હશે કે અડધી રાત્રે એક મોટી ચપટી તેના કાનમાં વાગી. "તેરમી તારીખે તમે ક્યાં હતાં? તે સફાળી બેઠી થઈ ગઈ. તેર તારીખે ક્યાં હોઈશ? ક્લાસમાં કે સ્ટાફરૂમમાં? ક્યાં હતી? પણ હતી તો ખરી જ. ક્યાંક ને ક્યાંક...." તેની આસપાસ શબ્દ ચકરાવો લેવા માંડ્યું. તેર તારીખ... બેઠાં-બેઠાં એને ઝોકું આવી ગયું. તેણે સુધીરને ઊઠાડ્યો. તેની સામે વિસ્ફારિત આંખે જોતાં. એક સપાટ અવાજે તેણે સુધીરને પૂછ્યું. "તેર તારીખે હું ક્યાં હતી?" બપોરે એક વાગ્યા પછી...... લાંબા સમય સુધી..... તેની આંખમાં ઝળઝળિયાં આવી ગયા.

સુધીરે લાઈટ કરી.સુજાતાને કેલેન્ડરનું ફરફરીયું દેખાયું. એને જવાબ મળી ગયો. પણ તમને? જયારે તમને પણ જવાબ જડશે ત્યારે તમારું હૈયું હરખાશે અને અનાયાસે એક ચપટી વાગશે... અન્યાય સામે ....

આપના પ્રતિભાવ tejnikalme@gmail.com પર મોકલી શકશો.



# જર્ની ઓફ જૂનાગઢ



વિવેક ચુડાસા

## બોરદેવી

ગયા અંકમાં આપણે ગિરનારને અલગ-અલગ નજરથી જોયો. યાદ છે ને? બસ, તો આ અંકથી આપણે જૂનાગઢની સફરે નીકળી જઈશું. ગિરનારની આસપાસ અનેક જગ્યાઓ આવી છે જે ઐતિહાસિક છે, પૌરાણિક છે અને આધ્યાત્મિક દૃષ્ટિએ પણ ખૂબ જ મહત્ત્વની છે. સૌથી પહેલા મારે વાત કરવી છે, આદ્યશક્તિના એ સ્થાનક વિશે જે ગિરનારના જંગલમાં આવેલું છે. તળેટીથી અંદાજે આઠેક કિલોમીટર દૂર આ જગ્યા આવેલી છે, જે 'બોરદેવી' તરીકે ઓળખાય છે.

ગિરનાર ચડવાના પગથિયાની એક્ઝેટ જમણી બાજુ વનવિભાગની ચેકપોસ્ટ આવેલી છે. ત્યાંથી પરમિશન લઈને રજિસ્ટર કરાવવું પડે છે અને પછી જંગલમાં પ્રવેશી શકાય છે. જો તમે ટોળામાં જતા હશો તો ચોક્કસ ચાલીને જવાની પરમિશન આપશે, પરંતુ એકલ-દોકલ હશો તો ચાલીને જવાની મંજૂરી નહીં મળે. કારણ કે, આ વિસ્તાર આરક્ષિત છે અને એમાંય જંગલી જનાવરોનો ભય રહે.



બોરદેવી ગિરનારની લીલી પરિક્રમાનો અંતિમ પડાવ છે. અહીં મોટેભાગે લોકો દિવાળીના સમયગાળામાં પરિક્રમા ચાલુ હોય ત્યારે જ જતા હોય છે. કારણ કે આડા દિવસે ત્યાં જાવ તો ચકલુંય ફરકતું ના મળે. હા, ઘણાં જૂનાગઢવાસીઓ માટે આ 'પિકનિક સ્પોટ' છે. પ્રકૃતિ પ્રેમી અને કુદરતનું સાંનિધ્ય ગમતું હોય તેવા લોકો અહીં 'વન ડે ટ્રીપ' કરવા માટે આવતા હોય છે.

ગિરનારની આસપાસ આવેલું જંગલ વન્ય જીવોનું નિવાસસ્થાન છે, હરણાં, સાબર, દીપડા, સિંહ સહિત ઘણાં જંગલી પ્રાણીઓ-પશુઓ અહીં વસે છે. આઠેક કિલોમીટરનો આ રસ્તો અપ્રતિમ સૌંદર્ય ધરાવે છે. ચાલીને જાઓ કે પછી વ્હિકલ લઈને જાઓ, આ રસ્તાની મજા અલગ જ છે

બોસ! હા એકવાત યાદ રાખવી, ચોમાસાની આસપાસ જ્યારે સિંહનો મેટિંગ પિરિયડ હોય તે દરમિયાન અહીં માત્ર વાહનથી જ જવાની મંજૂરી મળે છે અને અમુક સમય માટે અહીં એન્ટ્રી પણ બંધ રાખવામાં આવે છે. ખાસ કરીને, વધુ વરસાદ પડી જાય પછી જંગલમાં જવા દેતા નથી.

જંગલમાં પ્રવેશતાની સાથે જ તમને સૌપ્રથમ સામે એક 'સૂચના બોર્ડ' દેખાશે. જેમાં લખ્યું હશે કે, "જંગલમાં પ્લાસ્ટિક કે વગેરે ચીજવસ્તુઓ નાખીને પર્યાવરણને નુકસાન પહોંચાડવું નહીં." તો તમે પણ આ વાત યાદ રાખજો. અંદર ગયા પછી જ્યાં-ત્યાં ન થૂંકવું કે કોઈપણ પ્રકારની ગંદકી ન ફેલાવવી તે આપણી ફરજ છે.

પછી શરૂ થશે ઢોળાવવાળા રસ્તાઓ. એક પછી એક ઢાળ આવશે. એવા જ ભયજનક વળાંકો પણ આવશે. અડધો રસ્તો કપાયા પછી આવશે ઘનઘોર જંગલ. કેવું જંગલ? તો અહીંની દરેક ડાળીએ-ડાળીએ લીલાંછમ્મ પાંદડા નૃત્ય કરતા હશે. ક્યાંકથી પશુઓના અવાજ આવતા હશે તો ક્યાંકથી પક્ષીઓનો કલરવ સંભળાશે. વળી, ઝરણાંનો અવાજ તો આહાહાહા... અદ્ભુત. શહેરના ઘોંઘાટભર્યા જીવનથી ટેવાયેલાં કાન જ્યારે આ નીરવ શાંતિનો અનુભવ કરશે ત્યારે નક્કી આ શાંતિ કાનથી સોંસરવી હૈયામાં ઊતરી જશે! એટલું જ નહીં આ ઝરણાંમાં માત્ર પગ ડબોડશો ત્યાં જ એ પાણીની ટાઢક તળીયેથી સીધી આંખ સુધી અનુભવાશે!

રસ્તામાં ઘણાં ઝરણાં આવે છે તો એકાદ નદી પણ આવી જાય છે. ઘણી જગ્યાએ સિંગલ પટ્ટી કેડી આવે છે. ચાલતા જાવ તો તમને આ સફરની વધારે મજા આવે તે સ્વાભાવિક છે. હવે ચારેબાજુ માત્ર વૃક્ષો જ વૃક્ષો દેખાશે. ક્યાંક કોઈકવાર કોઈ જનાવર દેખા દઈ જાય તો નવાઈ નહીં. બરાબર ચારેક કિલોમીટરના રસ્તા પછી જંગલની શરૂઆત થાય છે. જંગલમાં ઘૂસતાની સાથે જ લીલીછમ્મ ઠંડક આખા શરીરમાં પ્રવેશી જશે. તેટલું જ નહીં, જો



તમે પ્રકૃતિ પ્રેમી હશો તો અહીંની હવા શ્વાસમાં જતાની સાથે જ આખા શરીરમાં એક ગજબની એનર્જી ફિલ થશે અને ફ્રેશ થઈ જવાશે!

ત્યાંથી આગળ જતા એક નાનો ચેકડેમ આવશે. ચેકડેમ પરથી પાણી વહેતું હશે અને નીચે ઝરણાં મારફતે જંગલમાં વહેતું હશે. આ ચેકડેમમાંથી પડતા પાણી પર જ્યારે સૂર્યપ્રકાશ પડે છે. ત્યારે તે પરિવર્તિત થઈને સોનેરી કલર ફેલાતો જોવાની મજ પડે. એટલું જ નહીં, આ ઝરણાંના કિનારે બેસીને કલાકો સુધી વાત કરી શકાય અને ટાઇમનુંય ભાન ન રહે!

બસ હવે આપણે બહુ દૂર નથી. છેલ્લો એક ઢાળ ચડો એટલે સામ્મે બોરદેવી માતાજીનું મંદિર દેખાશે. કુદરતના સાંનિધ્યમાં આવેલું મા અંબાનું બોરડીમાંથી પ્રાગટ્યસ્થાન એટલે 'બોરદેવી' માતાજીનું મંદિર. મંદિરના દ્વારની સામે એક તળાવ આવેલું છે.

ઘણીવાર જૂનાગઢવાસીઓ ઘરેથી જમવાનું બનાવીને લાવે છે અને અહીં જમે

છે. તો વળી, ઘણાં લોકો અહીં બપોરે જમવાનું બનાવીને કુદરતીના ખોળામાં બેસીને જમવાની મોજ માણતા હોય છે. અહીં રહેતા બોરદેવી મંદિરના મહંત લોકોને છાસનો પ્રસાદ આપે છે. હા, બિલકુલ ફ્રી. જેટલી પીવી હોય તેટલી છાસ મફતમાં પીવો. ત્યાંથી મેદાન તરફ જાઓ એટલે ગિરનારનું અદ્ભુત દૃશ્ય દેખાય. ગિરનારની દરેક ટૂક અહીંથી એકદમ ચોખ્ખી દેખાય.

સવારે ૮ વાગ્યાથી લઈને બપોરના ૩ વાગ્યા સુધી ચેકપોસ્ટ પરથી પરમિશન મળે છે. ત્યારબાદ આ જગ્યાએ જવા દેવામાં આવતા નથી. આ ઉપરાંત સાંજે ૫ વાગ્યા પહેલાં અહીંથી બહાર નીકળી જવું પણ ખૂબ જરૂરી છે. કારણ કે સાંજે વન્યજીવો જંગલમાંથી રસ્તા પર આવી જાય છે. તેથી લોકોને સાંજ પહેલાં વહેલી તકે બહાર નીકળી જવા માટે કહેવામાં આવે છે. તો રાહ કોની જુઓ છો? નીકળી પડો જૂનાગઢની જર્નીએ..

જય ગિરનારી... જય માતાજી...





અર્ચિતા દીપક પંડ્યા

# લઘુ-નવલ

## તડકા ભીનાં મૃગજળ



ગયા અંકમાં આપણે જોયું કે....

મૃગા અનુયાયી સાધકને યોગ્ય સ્થળે પહોંચાડી ઘરે પ્રસંગની તૈયારીમાં લાગે છે. મૌલિન જણાવે છે કે પારુમા બિમાર છે. અનિકનો શૂટિંગ શેડ્યૂલ માટે ફોન આવે છે. ત્યાં જવા મૌલિન સંમતિ આપે છે. શૈલા મૃગાને મદદ કરવા પહોંચી જાય છે, પણ મૃગાને એની હકીકત જાણીને દુઃખ થાય છે કે એ લગ્નજીવનથી એકદમ ખુશ નથી. સવાર પડતાં જ પ્રસંગિક ધમાલમાં મૃગાને એક સાધકના પુસ્તકમાંથી પડી ગયેલો કાગળ મળે છે, જે જૂનો પ્રેમપત્ર છે.

### પ્રકરણ : ૧૨ : વિજળીને ઝબકારે

"કાળનું એકાદ પાનું કોઈ બીજા અંતરાલમાં ખુલી જાય એને જ ભેદ કહેવાય." -અંદરથી મૃગાને એક અવાજ સંભળાયો. એક નાનકડી ઘટનાએ મૃગાના મનમાં ખળભળાટ કરી દીધો હતો. જે બે અક્ષર એણે વાંચ્યા હતા, એ પ્રમાણે આ કાગળ તો સાધુત્વનો ભૂતકાળ હતો. શંકા પણ થઈ કે કદાચ...

"બીજા કોઈનો કાગળ હતો? પણ ના, સાધકો જ ત્યાંથી પસાર થયેલા. અને આ તો એ જ વ્યક્તિ હતી, જેને હું કાલે મળી હતી!" -મૃગાનું મન ચગડોળે ચડ્યું અને પીળા પડી ગયેલા કાગળમાં વંચાયેલું સંબોધન એને આગળ વધુ વાંચવા લલચાવી રહ્યું હતું, પણ આટલા લોકોની વચ્ચે અને પ્રસંગના રઘવાટની પળોમાં એ ક્યાં શક્ય હતું? એણે બૂમ પણ પાડી છતાં એ સાધકના કાન સુધી એનો અવાજ પહોંચ્યો નહોતો, એમાં પણ એને જાણે કુદરતનો કોઈ સંકેત લાગ્યો. આજુબાજુની ભીડ અને વ્યસ્તતા વચ્ચે પણ મૃગા એ કાગળ વિશે વિચારવાનું છોડી નહોતી શકતી.

મૃગાના મનમાં દ્વંદ્વ હતું, તો આજુબાજુનું વાતાવરણ ભક્તિ, પવિત્રતા

અને શ્રદ્ધા એની મહેક પ્રસરાવી રહ્યાં હતાં. કાગળ મળ્યાની વાત એણે શૈલાને પણ ના કરી. શૈલા ભક્તિથી કે પછી એક નવા વાતાવરણનો આનંદ લેવાના આશયે બરાબર ઓતપ્રોત હતી. શૈલાના ઘરનાં બધાં લોકો આવ્યા. મૃગા તો એમને મળી, પણ શૈલાએ પણ જાણે ઔપચારિકતા જ પતાવી. કવન, શૈલાનો પતિ થોડી વાર માટે આવી, દર્શન કરી, "હવે  સાંજે જ આવીશ." -એવું કહીને ઓફિસ જવા નિકળી ગયો. મૃગા હજુ સુધી કવન વિશે કોઈ અભિપ્રાય બાંધી શકી ન્હોતી, પણ શૈલાનો વિચાર કરતાં એ વ્યક્તિ પર એને મનમાં થોડો અણગમો થયો.

ત્યાં તો ભજનાવલિ શરૂ થઈ. સત્સંગીઓનાં ભજનો ભક્તિમય અને સૂરીલાં હતાં. મૌલિન અનેક તૈયારીમાં રોકાયેલો હતો, પણ મૌલિનનાં પપ્પા અભિલાષભાઈ, બાબા ધર્માનંદનું સ્વાગત કરશે ત્યારે હાર જોઈશે એ વિચાર એને આવ્યો. એ મૃગા તરફ ફર્યો. બંનેની નજર મળી અને મૃગા ફૂલોના હાર આપવા આગળ વધી. છાબડીમાંથી હારની ગૂંચ ઊકેલીને તે આપી રહી હતી ને ત્યારે મૌલિન બોલ્યો,

-"ચિંતા ન કરીશ મૃગા, પારુમાના રિપોર્ટ નેગેટીવ છે. તાવ નહિ હોય તો સાંજે આવશે."

-"હા, માનો હમણાં જ ફોન હતો. થેન્ક્સ."

-"મેન્શન નોટ. ફોર્માલિટીની તારી આદત હજુ ગઈ નથી."

-"તો તું પણ એવો જ છે ને! ઉપકાર કર્યા વગર તને ક્યાં ચાલે છે?"

-"મૃગા બિહેવ. ઉપકાર? મારી ફરજ છે!"

-"અચ્છા? મને એમ કે પત્ની છે એ વાત જ યાદ નહિ હોય તને!"

-"ચર્ચા માટે આ બરાબર સમય નથી."

-"સમય ખોટો હોય?"

-"તો શું વ્યક્તિ?"

-"જે સાબિત થઈ શકે એ સાચા! ફૂલ સુગંધીદાર છે, એટલે સાચા!"

એક તીક્ષ્ણ નજર સાથે મૌલિન મૃગાના હાથમાંથી ફૂલોનો હાર લઈ બાબાની જ્ઞાનપીઠ તરફ ચાલતો થયો. જ્યાં એનાં પિતા બાબાને આવકારવા તૈયાર ઊભા હતા. સૌ પુરુષો હાથમાં ફૂલ સાથે હારબંધ ઊભા રહી ગયા. બાબાની પાલખી આવી. લોકોએ માર્ગ આપ્યો. વાદ્યકારોનાં સંગીતથી વાતાવરણમાં ભક્તિના ગુંજારવ સાથે બાબાની ભવ્ય પધરામણી થઈ. બાબાની પાલખી પાછી લઈ જતા કહારો ઉતાવળથી નિકળ્યા, જેથી આગળનો કાર્યક્રમ જલ્દી આગળ

વધે. કહારો નીચું જોઈ દોડતા હતા, હાથમાં પાલખીનો ડાંડો હતો. બંગલાના ગેટ તરફનો ઢાળ કહારો ઉતરતા હતા ને અચાનક મૃગાની નજર પડી, કે એક ગર્ભવતી સ્ત્રી એક નાના બાળક સાથે બાબાના દર્શન માટે ગેટનો ઢાળ ચડતી દાખલ થઈ રહી છે.

મૃગાએ બને એટલી મોટેથી ચીસ પાડી. મૌલિન આ જોઈને દોડ્યો. એ સીધો જ પગ સરકાવીને વચ્ચે આવી પાલખી રોકી લીધી. લોકોમાં ચહલપહલ થઈ અને કહાર ગભરાયો, કંઈ સમજે એ પહેલા તો પાલખી ઉછળી. બે કહારોએ માંડ માંડ સંતુલન લીધું. મૌલિનનું ધ્યાન ગર્ભવતી સ્ત્રી તરફ હતું. સ્ત્રી દીકરાને છાતીએ વળગાડી ગભરાઈને ઊભી હતી. એની આંખોમાં બચી ગયાની રાહત અને 'શું થઈ શક્યું હોત?' એ વિચારનો ડર હતો. એની સામે જોતાં મૌલિન અચાનક પીળો પડી ગયો અને ધ્રૂજવા લાગ્યો. મૃગા દોડી. મૌલિન બબડતો હતો.

"પ્લીઝ બી સેફ બેબી. બી સેફ બેબી.. ગૉડ સેવ હર.."

મૃગાએ એને હચમચાવ્યો. થોડી વાર પહેલા સતર્ક દેખાતો મૌલિન એકદમ અસ્વસ્થ થઈ ગયો. મૌલિનના પિતાની નજર પડતા એ પણ આ સારા પ્રસંગે શું થઈ રહ્યું છે એ જોવા આગળ ધસ્યા.

એમને જોઈને મૌલિનનાં ચહેરા પર પરસેવાનો દરિયો ઊમટી આવ્યો. એ કશું બોલી ન્હોતો શકતો, પણ ચહેરો લાલઘૂમ થઈ ગયો. મૃગાને આ દ્રશ્ય જોઈને નવાઈ લાગી. આટલો બાહોશ મૌલિન અત્યારે કેમ આમ કરે છે? ગર્ભવતી સ્ત્રીને તો સૌએ સાચવી લીધી. બધાં અનુયાયીઓએ રાહતનો શ્વાસ લઈ પોતાનું સ્થાન લઈ લીધું. બાબા ધર્માનંદે સ્ત્રી અને બાળક બચી ગયા માટે માઈક પરથી ઈશ્વરનો આભાર માન્યો. પરિસ્થિતિ જલ્દી થાળે પડી ગઈ, પણ મૌલિન અશાંત હતો એ મૃગાએ જોયું. એણે વેઈટર પાસે પાણી મંગાવ્યું. મૌલિન એકદમ ગુસ્સે થઈ ગયો,

"મૃગા, મને પાણીની જરૂર નથી રહેવા દે. કોઈને ભાન નથી? ક્યાં ગયા બધાં ચોકીદાર? આટલી કાળજી નથી રખાતી? કોઈ અકસ્માત થઈ ગયો હોત તો?"

મૌલિન અકળાઈને બધાંને વઢી રહ્યો હતો. ગુસ્સામાં એણે ચોકીદારને પીટવાનું જ બાકી રાખ્યું હતું. મૃગા પાણીનો ગ્લાસ પકડીને એને જોતી જ રહી. મૌલિન અત્યારે જાણે અગનગોળો થઈ ગયો હતો. એની નજીક કોઈ જઈ શકે એમ ન્હોતું. અભિલાષભાઈ આગળ આવ્યા. મૌલિન વધુ ધૂંધવાયો. એની આંખો પરથી લાગતું હતું કે એ ગુસ્સો દબાવી રહ્યો હતો. એમાંય

મૌલિન એના પિતાની સામે આંખ પણ નહોતો મેળવતો એ પણ મૃગાએ નોંધ્યું. બાજુમાં ઊભેલી શૈલાએ મૃગાનો હાથ દબાવીને સાંત્વન આપ્યું.

થોડી વાર પછી કાર્યક્રમ રાબેતા મુજબ ચાલ્યો. મૌલિન જગ્યા પર બેઠો પણ એના મોં પરની શાંતિ અદ્રશ્ય હતી. રત્નાબેન વ્હીલચેરમાં ખુશીને લાવ્યા. મૌલિન ફરી પાછો અસ્વસ્થ થઈ ત્યાંથી ઊભો થઈ ગયો. મૃગા આ બધું જોયા કરતી હતી. રત્નાબેને મૌલિનનો હાથ પકડીને આંખના ઈશારે જ શાંત થવા સમજાવ્યું. મૃગા એટલું સમજી કે જે ઘટના બની ગઈ છે એનાં પ્રત્યાઘાતના મૂળ ક્યાંક ઊંડા છે. પણ અફસોસ, આપણે ક્યાં કોઈ વખત ત્રિકાળજ્ઞાની થઈ શકીએ છીએ? છતાં વિજળીના ઝબકારે મોતી પરોવાય એમ એનાં મનમાં કંઈક આકાર લઈ રહ્યું.

“આજે કેવો દિવસ છે? મન કેટલી જગ્યાએ ભટકે છે? ખરેખર તો આ દિવસ સત્સંગ માટે હતો. મનની શાંતિ માટે હતો. આયોજન જ કંઈક એવું હતું કે આ સત્સંગના દિવસો દરમિયાન આધિ-વ્યાધિ - ઉપાધિથી બધાં દૂર જાય.” મૃગાએ શાંતિ અનુભવવાને બદલે થોડા થોડા સમયે એક નવી ચિંતામાં પરોવાઈ જતી હતી. વિચારનો આયામ ચિંતા જ હોય ત્યારે મુખની રેખાકૃતિમાં ફરક આવી જાય છે. એ ચિંતાતુર ચહેરે બેઠી હતી અને પ્રથમના એકાએક સામે આવીને ઊભા રહેવાથી ચમકી.

-"અરે તું? આવી ગયો?"

-"કેમ? પ્રસાદ લઈને મારે તો આવવાનું જ હતું ને? પારુમા મોડા આવશે."

-"હં... હા. અચ્છા! ઈઝ શી ઓકે?"

-"એબ્સોલ્યુટલી ફાઈન, પણ તને શું થયું?"

-"ના, ના. એમ જ, ઉજાગરો..."

-"અહં... શું વાત છે? સાસરામાં તો..."

-"શટ અપ!"

-"ગમે ત્યારે અને ગમે ત્યાં ભડકી જાય છે છોકરી તું!"

-" હં... સોરી... જરા સ્ટ્રેસમાં... "

-"ડોન્ટ વરી. પારુમાને સાંજે લેવા જવાનો છું."

-"હં... થેન્ક્સ."



મૃગાએ એનાં મનમાં ઘણી વાતનો ઉકળાટ છે એ છતું થવા ન દીધું. પ્રથમ જાણતો હતો કે મૃગાને પારૂમાની ચિંતા છે.

મૃગા ભજન પછીના પ્રવચનમાં મન પરોવવા મથી. લોકો એકધ્યાન થઈ સાંભળતા હતા. પેલા અનુયાયી સાધક પર મૃગાની નજર પડી. એ તો આંખ બંધ કરીને બાબાના શબ્દો ગળે ઉતારી રહ્યા હતા. મૃગાને લાગ્યું, મનુષ્ય ભૂત અને ભવિષ્યનો વિચાર છોડી દે, તો આવા જ શાંત નિર્મળ જળની જેમ સ્થિર રહી શકે. પણ ખાલી વર્તમાનમાં જીવવું કેવી રીતે? એને યાદ આવ્યું કે શૂટિંગની તારીખો નક્કી થાય એટલે અનિક મેસેજ કરવાનો હતો.

“કોણ જાણે કેમ મેસેજ નહિ આવ્યો હોય?”

આંખ બંધ કરીને મૃગાએ પણ પ્રવચનમાં મન પરોવવા પ્રયત્ન કર્યો. પણ તે વખતે જીવનરેખાના ગ્રાફમાં પારુમા, પ્રથમ, શૈલા, મૌલિન, અભિલાષભાઈ, નાગરાજન્, અનિક, રત્નાબેન, ખુશી અને હા, પેલા સાધક પણ ખરા, એ બધાંનાં ચહેરા એની બંધ આંખો સામે તરવર્યા.

વ્યક્તિનું જીવન એટલે શું? ઘટનાઓ? કે વ્યક્તિઓના વર્તનથી ઘડાતી મનની ગાંઠો? મૃગાના મનને શાંત કરવાના પ્રયત્નોમાં પ્રશ્નો ઊઠ્યા. કીર્તન શરુ થયું. જે જમવાનો સમય ઈંગિત કરતું હતું. બે હજાર માણસો સમાઈ શકે એવો ભરચક શમિયાણો હતો. થોડી વારમાં જ ભોજન શરૂ થવાનું અને પછી સાંજનો કાર્યક્રમ. મૃગા વ્યવસ્થામાં લાગી ગઈ. બહારના લોકો માટે તો કેટરર હતા. ઘરના સભ્યો બધાં બરાબર જમે છે કે એ સરભરામાં મૃગાના વિચારો ક્યાંય બાજુ પર જતા રહ્યા. જોતજોતામાં સમય પસાર થઈ ગયો. સાંજનો સત્સંગ શરૂ થવામાં હતો. બધાં પોતાની જગ્યા પર ગોઠવાઈ ગયા હતા.

મૃગા અને શૈલા પણ ઝડપથી પોતાની આગલી હરોળમાં આવીને બેઠા. અનુયાયીઓ પણ ગોઠવાયા. શૈલા જોડે વાતો કરતી મૃગાનું ધ્યાન પારુમા તરફ ગયું. હજુ તો પહેલો કદમ મૂકીને આવતાં હતાં, મૃગા મમ્મીની કાળજી કરવા ઊભી થઈને એમનાં તરફ ચાલી. પારુમાનું ધ્યાન સાધકો તરફ હતું. મૃગાને એવું લાગ્યું કે પારુમાનો હાથ કોઈને જોવાથી 'વેવ' કરવા ઊંચો થઈ ગયો, જેને એમણે સભાનતાથી પાછો લઈ લીધો. પછી મૃગાની નજર પારુમા સામે દેખાતા સાધકો ઉપર ફરી વળી.

(વધુ આવતા અંકે...)

# વાડી પરનાં વહાલાં

ઇસ્માઇલભાઈ નાગોરી

વાડીની લીલી દુનિયા વચ્ચે કેટકેટલાં જગત હોય છે? જાણે નાનામોટા જીવોનું સંગ્રહસ્થાન. ઊધઈનું બાંધકામ ને કીડીની કરામતો, કાંકીડાની લડાઈ ને સાપનાં યુદ્ધો, ધોયરાનું વિચિત્ર ગાન, મંકોડાની છાવણીઓ, ‘ભરવાડી’ના કાફલા, ગોકળગાયના ભપકા ને વીંછીનો ચિરસ્મરણીય ચરણસ્પર્શ. બધું દિનરાત ચારે કોર ચાલતું હોય છે. કોઈવાર આવું આવું નજરે ચડે ને એનું ધ્યાન ખેંચાય, પણ મોટે ભાગે માણસ એના કામમાં જ હોય !

વાડીમાં રહીએ તો દેડકાં તો ઘરમાં જ વસવાટ શોધતાં નજરે પડે. વાડમાં સર્પ-નોળિયા જ નહિ, પણ કાળોતરા ને માંજરના જીવનમરણના સંગ્રામો ખેલાતા હોય છે. હાથ હાથનાં કણાં ચાંચેથી પૂરા કરતાં લલેડાં, અળસિયાંનો ગોળો કરી આરોગતાં દેડકાં, નાનાં સસલાંથી ફાટફાટાં પેટ ભરી પગદંડી પર સૂતા સર્પો, કાગડાઓ વચ્ચેથી માર્ગો કાઢતા ઘુવડ, શેરડીનાં શોખીન શિયાળ, ઈંડાં શોધતા ખેરખટ્ટા, મરઘીનાં બચ્ચાંને ચોરીને ઘરભેગા દરભેગા કરતા ઉંદર જેમ જોવા મળે તેમ પશુઓને વળગતી જીવાતો વીણતા બગલા, પાકને બગાડતી ઇયળો સાફ કરતાં પક્ષીઓ, ઉંદરની વસ્તી પર અંકુશ રાખતા રાની માંજરો વગેરે પણ ત્યાં જ રહેતા હોય છે.

દિવસના કોલાહલમાં જંતુ-જગતની ખબર ઓછી પડે, પણ રાતના શાંત નીરવ સમયે તો કંસારીથી લઈને તમરાંના અવાજથી વાતાવરણ ભરાઈ જાય છે. શેઢાડી ને શેળા, વિણયલ ને જબાદિયાં, ઘોરખોદિયાં ને ભૂંડડાં, હરણાં ને રોઝડાં તો દેખાવ દે, પણ ક્યારેક ને ક્યાંક તો દીપડા ને સિંહ, પણ દર્શન દઈ જતા હોય છે.

વાડીમાં રહેનારાં ને આવનારાંઓ આ રીતે ભાતભાતનાં હોય. ખેડૂતનું ખાસ ધ્યાન તો વધુ રંજાડે, વધુ કંઈ બગાડે એ તરફ હોય, બાકી આ જીવતી વાડીના જીવમાત્રને જોનાર બાળકો તો, ઢેલે કેટલાં ઈંડાં મૂક્યાં છે, તેતર માદા કેટલાં બચલાં સાથે ફરે છે, બુલબુલે ક્યાં ને કેવો માળો કર્યો છે, ચીબરી ક્યાં ભરાઈને બેઠી છે, કાકીડાએ કેવા રંગો ધારણ કર્યો છે, સાપે કાંચળી ક્યાં, કેવડી મોટી કાઢી છે ને કૂતરાએ બખોલ ક્યાં ગાળી રાખી છે એ બધું એમની નજરમાં આવી જાય છે. ખરું જોતાં જીવનનો જે ખજાનો વાડીમાં ભર્યો હોય છે તેનાં એ પોતે પણ અગત્યના ભાગ જેવા જ છે.

દરેક ઋતુ પોતાના પ્રત્યક્ષ પદાર્થપાઠ લઈને આવે છે. કુદરતનો એક કારવાન કાફલો આવે છે

ને જાય છે, ને એ બધાં પોતાનાં હોય તેમ વાડી તેમને સૌને આશ્રય, આવાસ ને આકાર - આહ્લાદ આપે છે.

સવારથી સાંજ સુધી વાડી પર કામ, કામ ને કામ ચાલતું જ હોય છે. રાતે પણ ઢોરને માટે ચીવટવાળા હોય તે સૂએ તો બાળકવાળી માતાની માફક જ! એમની નિદ્રાયે જાગ્રત!

ને તોય વાડીમાં 'ડાયરા' જામતા હોય છે ને 'જલસા' થતા હોય છે. મોસમે મોસમની મોજ લોકો માણી જાય છે. મકાઈના ડોડાની મિજબાનીઓ ચાલતી હોય, આજુબાજુની વાડીના અડોશીપડોશી મિત્રો ભેગા થઈ જાય ને આમંત્રિતો પણ ફૂંડાળામાં ભળી જાય. દૂબળાં લાકડાંની ને પાંખી કાથીની ખાટલીઓ ઉપર માનવંતા મહેમાનોને બેસાડાય ને સ્વયંસેવકો (?) કાંટા ભેગા કરી લાવે. કોઈ બે સળી બાકસની અર્પણ કરે ને પછી તો ભુટ્ટા - પીળા ને પોણા કાળા વહેંચવા માંડે!

પોંકનું ટાણું આવે ને એનો ય આનંદ લેવા કોઈ ચૂકે નહિ. માંડવીના ઓળા તો છેક સૂકી માંડવીમાંથી શેકેલ માંડવી મળે ત્યાં સુધી રાત્રે, મોડી રાત્રે ને વહેલી સવારે ચાલુ રહે. એ કોલસી ને રાખના ઢગલાને ય જતા આવતા રસિયાઓ સાંઠીકડેથી ફંફોળતા જાય ને એક દાણો બચી ગયેલો મળી જાય તોય સંતોષ માને!

શંકાભર્યા મોલની પણ માંડવીઓ અસામાન્ય તો નહિ જ! ચણા, પપૈયાં, જામફળ એ બધાંની પાર્ટીઓ નાની ને ખાનગી હોય! ઘણે ભાગે એકાદ સાહસિકની સફરનાં ફળ જ એ હોય. ચીજ લઈને પછીથી વાતવાતમાં કહી દઈએ તો દોષમુક્તિ થઈ જાય છે એ માન્યતા પણ સાવ ગઈ નથી.

ખાવાપીવાને જ માણસો મળે છે એવુંય નથી. વંઝી બાંધવા, નળિયાં ચડાવવા, ઘઉંના પાળા બાંધવા ને કોઈવાર તો સાંતીનું કામ, ઝાઝા હાથ માગતું કામ ને તાત્કાલિક ને ઝડપથી પતાવવાનાં કાર્યો કરી દેવાને લોકો એકબીજાને ત્યાં જાય છે ને ત્યારે કામ સાથે કિલ્લોલ થતો હોય છે.

ચિચોડો ચાલુ થાય ત્યારે ઘણે ભાગે સગાંવહાલાંઓ મદદે આવી જતાં હોય, એટલું જ નહિ અરસપરસની ઢાલવાળા ને મેળવાળા ખેડૂતોય શામેલ થાય. અને એ પ્રસંગને ઉકેલે છે. જેમ કામની દોઢના દિવસો હોય છે તેમ નવરાશના ગાળાના દિવસો પણ ખાસ કરીને ચોમાસામાં આવી જાય છે. ત્યારે કદી નવરાશ ન ભાળનારા જુવાનો પણ ચોપાટ ઉપર જામતા હોય છે અને મોડી રાત સુધી હર્ષનાદો થતા સંભળાય છે. ભજનની રાતો, ઠાકોરથાળી ને દાંડિયારાસની રાતો પણ સમૂહઆનંદની રાતો જ બની જાય છે, ગામ કરતાંય વાડી પર આ પ્રસંગો વધુ દીપી ઊઠે છે.

આ તો થયા ખાસ પ્રસંગો, પણ રોજિંદાં કામોમાંય જ્યાં પાંચ માણસો ભેગાં કામ કરતાં હોય છે ત્યાં એકાદ આનંદી જીવડો સૌને ટોળ-ટીખળ-ચાળા-ગપસપ ને રમૂજથી મજા પીરસતો હોય છે. આ બધો આનંદ ન હોત તો અનેક એકધારા ખેતીનાં અનિવાર્ય કામો ઢસરડો બની જાય!



વર્ધન શાહ

# નેનો 3D પ્રિન્ટીંગ ક્રાંતિ લાવશે?



જો તમે ક્યારેય 3D પ્રિન્ટિંગ વિશે સાંભળ્યું હોય, તો તમે વિચાર્યું હશે કે તે કેવી રીતે કાર્ય કરે છે? અને તે કઈ સામગ્રીનો ઉપયોગ કરે છે?

3D પ્રિન્ટિંગ (ત્રિ-પરિમાણીય પ્રિન્ટિંગ અથવા સ્ટીરિયોસ્કોપિક પ્રિન્ટિંગ) એ ત્રિ-પરિમાણીય પદાર્થોના નિર્માણની ઘણી પદ્ધતિઓમાંની એક છે. આ પદ્ધતિમાં, કોઈપણ સામગ્રીના એક પછી એક સ્તરને કમ્પ્યુટરના નિયંત્રણ હેઠળ બનાવવામા આવે છે અને પદાર્થ તૈયાર થઈ જાય છે. ઉત્પાદિત કરવા માટેની ચીજો કોઈપણ આકાર અને ભૂમિતિની હોઈ શકે છે. ઉત્પાદન કરતા પહેલાં, પદાર્થનો સ્ટીરિઓસ્કોપિક ડેટા સ્રોત તૈયાર કરવામાં આવે છે અને કમ્પ્યુટરના નિયંત્રણ હેઠળ સ્ટીરિઓસ્કોપિક પ્રિન્ટર દ્વારા તે મુજબ સ્તરો શામેલ કરવામાં આવે છે. હકીકતમાં, સ્ટીરિયોસ્કોપિક પ્રિંટર એ ઓદ્યોગિક રોબોટ છે.

રેઝિન એ ફોટોપોલીમર ફ્લુઇડ મટિરિયલ છે, જેનો ઉપયોગ પોલિમરાઇઝેશન ટેકનોલોજી દ્વારા પ્રકાશ સ્રોત હેઠળ 3D પ્રિન્ટિંગ કરવા માટે થાય છે. રેઝિન સામગ્રી ઉચ્ચ ગુણવત્તાની અને અત્યંત વિગતવાર પરિણામો પ્રદાન કરે છે.

પછી ભલે તે કમ્પ્યુટર ચિપ્સ, સ્માર્ટફોનના અથવા કેમેરાના ભાગો હોય, લગભગ બધા ઉત્પાદનોમાં હાર્ડવેરનો ભાગ સતત નાનો થઈ રહ્યો છે. આ વલણ 3D પ્રિન્ટિંગ કંપનીઓને દબાણ કરે છે કે તે આપણા વિશ્વને શક્તિ આપે તેવા ભાગો બનાવવા માટે નવી રીતો સાથે આવે.

બોસ્ટન માઇક્રો ફેબ્રિકેશન (BMF) કંપની એમઆઈટી પ્રોફેસર નિકોલસ ફેંગે વર્ષ ૨૦૧૬માં 3D પ્રિન્ટિંગના ઠરાવ અને ચોકસાઇ સુધારવા માટે સહ-સ્થાપના કરી હતી. આજે BMF નવા પ્રકારના પ્રિંટરની ઓફર કરીને હંમેશા નાના ભાગો તરફની

રેસમાં ગ્રાહકોને મદદ કરી રહ્યું છે, જેનો ઉપયોગ ઇલેક્ટ્રોનિક્સ, તબીબી ઉપકરણો, માઇક્રોફ્લુઇડિક ચિપ્સ વગેરે બનાવવા માટે કરવામાં આવે છે.

કંપનીના મશીનો માઇક્રોન સ્કેલની વિગતો સાથે મિલીમીટર કદના ઉત્પાદનો (જે ઉત્પાદનોને તમે નરી આંખે જોઈ શકો) ને છાપવા માટે ફેંગ દ્વારા સહ-વિકસિત તકનીકનો ઉપયોગ કરે છે.

કંપનીનું કહેવું છે કે તેમના પ્રિન્ટરો નાના, જટિલ ભૂમિતિ અને સંપૂર્ણપણે નવા કાર્યો સાથે નવા ભાગો બનાવવાનું કામ સરળ કરે છે.

BMFના સીઈઓ જ્હોન કાવોલા કહે છે, "તમે જે વસ્તુઓ મોલ્ડ કરી શકતા નથી તે છાપી શકો છો, આ એક કારણ છે કે ઘણા લોકો સ્ટીરિઓસ્કોપિક મેન્યુફેક્ચરિંગ વિશે વધુ વિચારે છે, કારણ કે તેઓ મોલ્ડિંગની મર્યાદા દ્વારા બંધાયેલા નથી. તે કંપનીઓને નવી ડિઝાઇનની સ્વતંત્રતા આપે છે."

*****

**<u>મોટા પ્રભાવ માટે નેનો તકનીક:</u>**

ફેંગ ૨૦ વર્ષ કરતા વધુ સમયથી પ્રકાશ અને નેનોફેબ્રિકેશનના ગુણધર્મોનો અભ્યાસ કરી રહ્યો છે. તેનુ કામ નેનોફોટોનિક્સ અને 3D નેનોમેન્યુફેક્ચરિંગ લેબોરેટરીમાં થાય છે, તેમાં સામાન્ય 3D પ્રિન્ટીંગ અભિગમોનો અભ્યાસ કરવામાં આવે છે જે પ્રિન્ટિંગ સામગ્રીને સખત પ્રકાશિત કરે છે. આવા જ એક અભિગમ, ડિજિટલ લાઇટ પ્રોસેસિંગ (DLP)મા મુદ્રિત થતી સામગ્રીના દરેક સ્તરને ઠીક કરવા માટે પ્રોજેક્ટર પાસેથી પ્રકાશનો ઉપયોગ કરે છે.



BMF ઘણા નાના ભીંગડા પર અંદાજિત પ્રકાશને કેન્દ્રિત કરવા માટે એક વિશેષ લેન્સનો ઉપયોગ કરે છે. આ પ્રક્રિયા નિયમિત માઇક્રોસ્કોપ સાથે ઘણી સમાન છે, સિવાય કે આપણે માઇક્રોસ્કોપમાં એકસમાન પ્રકાશને પ્રકાશિત કરવાને બદલે ડિજિટલ ચિત્ર આપીએ છીએ.

ઉત્પાદન દરમિયાન પ્રિન્ટિંગ પ્લેટફોર્મને ચોક્કસપણે ખસેડવા માટે BMF એ સોફ્ટવેર ડિઝાઇન અને સિસ્ટમો પણ વિકસાવી છે.

કાવોલા કહે છે કે, "તે એવી તકનીક છે કે જે ઉત્પાદનના વાતાવરણમાં વ્યવહાર્ય છે, તેવું કંઈક કરી શકવાની સાથે, શ્રેષ્ઠ ચોકસાઈ અને સપાટી પૂરી કરવાનું સંતુલિત કરી શકે".

BMF કહે છે કે તેની પ્રિન્ટિંગ ટેક્નોલોજી, જેને પ્રોજેક્શન માઇક્રો-સ્

ટીરિઓલિથોગ્રાફી કહેવામાં આવે છે, તે એકમાત્ર 3D પ્રિન્ટિંગ કંપની બનાવે છે, જે ઈન્જેક્શન મોલ્ડિંગની ચોકસાઇ સાથે મેચ કરી શકે છે. તે ગ્રાહકોને નવા ઉત્પાદનો અને પ્રોટોટાઇપ્સ માટે નાના મોલ્ડનો ઓર્ડર આપવાનું ટાળી શકે છે. (જે પ્રક્રિયામાં સમય લાગી શકે છે અને પ્રતિબંધિત ખર્ચાળ હોઈ શકે છે). કાવોલા કહે છે કે, "BMF પ્રિન્ટના કેટલાક ભાગ બનાવવા માટે મોલ્ડની જરૂરિયાત અડધા મિલિયન ડોલર જેટલી છે. તે 3D પ્રિન્ટિંગને ઘણા કિસ્સાઓમાં સસ્તી અને સરળ ઉત્પાદનનો વિકલ્પ બનાવે છે."

નાના અંતિમ ઉત્પાદનોની માંગ પણ BMF ની બજાર વ્યૂહરચનાને સીધી ચલાવી રહી છે. કેટલાક ઉત્પાદનો કંપનીઓએ BMF ને માઇક્રોફ્લુઇડિક ચિપ્સ, સર્જિકલ અને મેડિકલ ડાયગ્નોસ્ટિક ટૂલ્સ, વર્ચુઅલ રિયાલિટી (VR) હેડસેટ્સના ઘટકો અને શ્રવણના સાધનોનો સમાવેશ કરવામાં મદદ કરવા જણાવ્યું છે.

*****

**ઉત્પાદન વધારવું, કદ નહીં:**

BMF પાસે હાલમાં 100 જેટલા મશીનો છે જેમાં અનેક ઉદ્યોગો અને સંશોધન પ્રયોગશાળાઓ તૈનાત છે. કંપનીઓ મુખ્યત્વે નવા ઉત્પાદનોને પ્રોટોટાઇપ કરવા માટે પ્રિંટરનો ઉપયોગ કરી રહી છે.

આ પ્રિંટર આ પ્રકારની નેનો આઇટમ્સ છાપી શકે છે: સ્ક્રૂ, હૃદયનુ સ્ટેન્ટ તબીબી પ્રયોગો માટે વાયરસ મોડેલો, અન્ય તબીબી સાધનો, ઉદ્યોગના ભાગો, એન્જિનના ભાગો, નેનો ચિપ્સ, ઝવેરાતી વીંટી, ઇલેક્ટ્રિક ભાગ (ફ્યુઝ વાયર, મેગ્નેટિક સ્ટ્રીપ, મોબાઇલ ફોન, લેપટોપ ભાગો), હાર્ડ ડિસ્કના ભાગો, પેનની અણી, ઈન્જેક્શનની સોય, સર્કિટ્સ, મોબાઇલ કેમેરા લેન્સ, ચાવી, વગેરે...

મોટા પાયે મુખ્ય પ્રવાહમાં જવા માટે ઓદ્યોગિક 3D પ્રિન્ટીંગ એક વળાંક પર છે. મોટાભાગના અધિકારીઓ અને ઘણા એન્જિનિયરો તેનો ખ્યાલ ધરાવતા નથી, પરંતુ, આ તકનીક પ્રોટોટાઇપિંગ અને રમકડાથી આગળ વધ્યું છે. 3D મેન્યુફેક્ચરીંગના માધ્યમથી મોટી માત્રામાં ગ્રાહકોને વેચાણ માટે ટકાઉ અને સલામત ઉત્પાદનો બનાવી રહ્યું છે.

૧૦૦ થી વધુ મેન્યુફેક્ચરિંગ કંપનીઓનો ૨૦૧૪નો સર્વે ક્રાંતિની શરૂઆત દર્શાવે છે. સર્વેક્ષણ સમયે ૧૧% ઉત્પાદનો, પહેલાથી જ 3D પ્રિન્ટેડ ભાગોના ઉત્પાદનમાં ફેરવાઈ ગયું છે. કાવોલાના મતે, જ્યારે ટેકનોલોજી ૨૦% ની સ્વીકૃતિના સ્તરે પહોંચે છે, ત્યારે તે 'મુખ્ય પ્રવાહ' માં હોય છે.

ઉત્પાદનને વધારવા માટે 3D પ્રિન્ટીંગનો ઉપયોગ કરતી અસંખ્ય

કંપનીઓમાં જેટ એન્જિન, તબીબી ઉપકરણો અને ઘરના ઉપકરણોના ભાગો, બોઇંગ (એરોસ્પેસ અને સંરક્ષણ), ઓરોરા ફ્લાઇટ સાયન્સ (માનવરહિત હવાઈ વાહનો), ઇન્વિસાલિગ્ન (ડેન્ટલ ડિવાઇસીસ), ગૂગલ (કન્ઝ્યુમર ઇલેક્ટ્રોનિક્સ) અને ડચ કંપની લુક્સએક્સસેલ (લાઇટ-ઇમિટિંગ ડાયોડ્સ અથવા એલઇડી માટેના લેન્સ) છે. આ વિકાસને જોતા, ફેંગે તાજેતરમાં જ અહેવાલ આપ્યો કે, “3D પ્રિન્ટિંગ તેની વિશિષ્ટ સ્થિતિમાંથી બહાર આવવા અને વધતી સંખ્યામાં પરંપરાગત ઉત્પાદન પ્રક્રિયાઓનો એક સક્ષમ વિકલ્પ બનવા માટે તૈયાર છે.” ૨૦૧૪માં યુનાઇટેડ સ્ટેટ્સમાં ઓદ્યોગિક 3D પ્રિન્ટરનું વેચાણ ઓદ્યોગિક ઓટોમેશન અને રોબોટિકસના વેચાણના વોલ્યુમમાં પહેલેથી જ એક તૃતીયાંશ હતું. કેટલાક અનુમાનોમાં આ આંકડો ૨૦૨૧ સુધીમાં વધીને ૪૨% થઈ ગયો છે.

છાપવા યોગ્ય સામગ્રીની શ્રેણી વિસ્તરતા જતા વધુ કંપનીઓ તેનું પાલન કરશે. મૂળભૂત પ્લાસ્ટિક અને ફોટોસેન્સિટિવ રેઝિન ઉપરાંત, તેમાં પહેલેથી જ સિરામિક્સ, સિમેન્ટ, ગ્લાસ, અસંખ્ય ધાતુઓ અને ધાતુના એલોય અને કાર્બન નેનોટ્યુબ્સ અને રેસાથી ભરાયેલા નવા થર્મોપ્લાસ્ટિક કમ્પોઝિટ્સ સામેલ છે. જો કે, આ નવી પદ્ધતિઓ અને સામગ્રીથી ચીજોના ઉત્પાદનનો સીધો ખર્ચ ઘણીવાર વધારે હોય છે, તેમ છતાં, 3D મેન્યુફેક્ચરિંગ દ્વારા આપવામાં આવતી વધુ સુગમતાથી કુલ ખર્ચ નોંધપાત્ર પ્રમાણમાં ઓછા થઈ શકે છે.



# ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT)



કશ્યપ જોષી

આજના જીવનમાં ટેકનોલોજી આપણુ એક અભિન્ન અંગ છે. આજ-કાલ તો સૌ લોકોને નવી ટેકનોલોજી સાથે જાણે પ્રેમ થઈ જાય કારણ કે તે ખૂબજ દિલચસ્પ રીતે જ તેને વપરાશમાં લેવાથી આપણું જીવન સરળ બની રહે છે. વર્તમાન સમયમાં એક એવી ટેક્નોલોજી છે તે સમગ્ર વિશ્વને ચલાવી રહી છે તે છે- ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IoT)! હવે આ વસ્તુનો અર્થ શું થાય છે અને તેનો હાલમાં સમયમાં કેવી રીતે ઉપયોગ થાય છે તે જાણવું તો જરૂરી બની રહે છે.

હકીકતમાં આ વસ્તુ આપણા જીવનમાં ઘણા સમયથી છે અને આપણે તેનો પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ઉપયોગ પણ કરીએ છીએ. ફોન અથવા કમ્પ્યુટરમાં દ્રશ્માન થતા વિવિધ ચિત્રો, ચલચિત્રો, લખાણ, રેકોર્ડિંગ, વિવિધ રમતો, પુસ્તકો અને આવી અસંખ્ય વસ્તુઓ ઈન્ટરનેટ દ્વારા આપણને પ્રાપ્ત છે. આ બધી વસ્તુઓ લોકો દ્વારા, લોકો માટે, લોકો થકી ચલાવવામાં આવે છે. આ બધી વસ્તુઓ લોકોને લોકોથી જોડે છે, એમ માની શકાય. કારણ કે જ્યારે એક મનુષ્યને કોઈ વસ્તુની જરૂર પડે ત્યારે બીજો મનુષ્ય તે વસ્તુ પુરી પાડે, પરંતુ હાલના સમયમાં એક નવી ટેકનોલોજી વૈજ્ઞાનિકો દ્વારા વિકસાવવામાં આવી છે. જે લોકોને લોકોથી નહિ, પરંતુ વસ્તુઓને ઈન્ટરનેટનાં માધ્યમ થી જોડવાનું કામ કરે છે અને તેને જ IoT કહે છે.

IoTને સમજવા માટે આપણે આપણા શરીરનું ઉદાહરણ લઈએ તો જેમ આપણા શરીરના અંગો સાથે મળીને એક ચોક્કસ કાર્ય કરી અને શરીરને પોષણ અને જરૂરી કાર્ય કરવાનું કામ કરે છે. જેમ કે હાથ વડે આપણે જે વસ્તુઓની જરૂર છે તે લઈ અને મૂકી શકીએ છીએ, સ્પર્શ કરી અનુભવી શકીએ છીએ. આંખ વડે આપણે વિભિન્ન વસ્તુ જોઈ શકીએ છીએ. આમ શરીરનાં અમૂલ્ય અંગો અનુબધ્ધ રીતે કાર્ય કરી અને સમગ્ર શરીરને ચુસ્ત અને માહિતીસભર બનાવે છે. તેવી જ રીતે એક સ્માર્ટ વોચનું ઉદાહરણ લેવામાં આવે તો તેમાં રહેલા




વિવિધ સેન્સર્સ મનુષ્યની વિવિધ ચાલનું માં રાખે છે. જેમ કે ઓક્સિમીટર દ્વારા આપણા શરીરનું ઓક્સિજન લેવલનું માન મેળવવામાં ઉપયોગી છે, તેમાં રહેલા મૂવમેન્ટને ટ્રેક કરવા માટેના સેન્સર્સ આપણે કેટલું ચાલ્યા, કેટલું દોડ્યા, કેટલી કેલેરી ગુમાવી વગેરેનું માન મેળવે છે, હાર્ટ-બીટ સેન્સર આપણા હૃદયના ધબકારા માપે છે. આ બધી માહિતી એકત્ર કરી અને કલાઉડ પર મોકલવામાં આવે છે અને ક્લાઉડ પર હોસ્ટ થયેલી મશીન દ્વારા યોગ્ય ગણતરી કરી અને જે તે મનુષ્યના વિવિધ ભાગોની જાણકારી મેળવવામાં આવે છે. આ જાણકારી વડે એક રિપોર્ટ બનાવી અને ડોક્ટરને મોકલવામાં આવે છે જેના થકી ડૉક્ટર કોઈ ચોક્કસ નિદાન કરે અથવા તો વર્તમાન સમયમાં આધુનિક અલ્ગોરિધમથી મશીન દ્વારા જ નિદાન આપવામાં આવે છે. આપણે કયા સમય પર ખોરાક લેવો, કેટલો સમય સૂવું, કેટલા સમય સુધી કસરત કરવી વગેરે વસ્તુઓ રીયલ ટાઈમ કલોક (RTC) દ્વારા નક્કી કરી શકાય છે અને તેનો પણ એક ટ્રેક રેકોર્ડ રાખી શકાય છે. આ બધી પ્રક્રિયા સફળ બનાવવા પાછળ IoTનો ખૂબ જ મોટો હાથ છે. IoT ફક્ત સારવાર ક્ષેત્રે જ જાણીતું છે તેમ નથી! સ્વયં-સંચાલિત ખેતી, ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ્સ, સર્વેલન્સ, ઉધોગોમાં, સ્માર્ટ હોમ્સમાં અને મનોરંજનમાં પણ ઉપયોગી છે.

સામાન્ય રીતે આ બધી વસ્તુઓ જાણ્યા પછી એક સવાલ થાય કે શું IoTની

ખરેખર જરૂર છે? હવેના યુગમાં મોટા ભાગની વસ્તુઓ યંત્રો દ્વારા કરાવવવામાં આવે છે અને મનુષ્ય તે યંત્રો બનાવવા માટે મેહનત કરે છે. જો વસ્તુઓને ઑટોમૅટિક કરવામાં આવે તો સ્વાભાવિક છે કે મનુષ્ય દ્વારા થતી ગંભીર ક્ષતિઓ નિવારી શકાય છે. તેથી જે જગ્યાએ ખૂબ જ કાળજી લેવાની આવશ્યકતા છે તે જગ્યાએ IoT તથા તેની દ્વારા કામ કરતા ઑટોમેશનનો ઉપયોગ કરવો યોગ્ય રહે છે. તે આપણા જીવનને સરળ બનાવે છે અને તે સેન્સર્સ દ્વારા આસપાસના વાતાવરની જરૂરી માહિતી ભેગી કરી પ્રચાર-પ્રસારનો ઉપયોગ કરી કાર્યક્ષમ માહિતી દ્વારા આવનારા ભવિષ્ય માટે એક સારું તંત્ર બનાવે છે.

આજનાં સમયમાં મોટી-મોટી ટેક-કંપનીઓ જેમ કે Google, IBM, CISCO, SAMSUNG અને Amazon વગેરે IoT પર આધારિત કંપની પર કરોડો રૂપિયાનું રોકાણ કરે છે. IBM નામની કંપની જે કમ્પ્યુટર બનવાનું કામ કરે છે, તે ઘણા સમયથી IoT અને તેને લગતી સુરક્ષા પર સંશોધન કરે છે. હાલના સમયમાં જ SAMSUNG એ IoT પર આધારિત એક કંપનીને 200 મિલિયન ડોલરમાં ખરીદી. Google એ Nest નામની કંપની ખરીદવા માટે 3.2 બિલિયન ડોલર ખર્ચ કર્યા છે અને તેનું મૂળ કામ થર્મોસ્ટેટ અને સ્મોક ડિટેક્ટર બનાવવાનું છે.

કોઈ ચોક્કસ બંધારણ નથી. કારણ કે તેને જુદી-જુદી જગ્યાએ જુદી-જુદી રીતે ઉપયોગ



કરવામાં આવે છે. કોઈ ચોક્કસ બંધારણ નથી. કારણ કે તેને જુદી-જુદી જગ્યાએ જુદી-જુદી રીતે ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ તે એક ચોક્કસ પ્રક્રિયાને અનુસરે છે અને એમાં વિવિધ સ્તરનો સમાવેશ થાય છે.

**સેંસિન્ગ/એક્ચુએટીંગ સ્તર:**

આ સ્તર પર પ્રક્રિયા કરવા માટે યોગ્ય માહિતી વિવિધ સેન્સર્સ દ્વારા વાતાવરણ માંથી પ્રાપ્ત કરવામાં આવે છે. ઉદાહરણ તરીકે ઓક્સિમીટર દ્વારા મનુષ્યમાં ઓક્સિજન લેવલનું મૂલ્ય મેળવી શકાય છે. એક્ચુએટીંગ વિભાગમાં વિવિધ યંત્રો ઉદાહરણ તરીકે મોટર્સનો ઉપયોગ કરવામાં આવે છે અને સેન્સર દ્વારા પ્રાપ્ત થયેલી માહિતી પાર આધાર રાખે છે. એક સાદું દ્રષ્ટાંત લઈએ તો સ્માર્ટ વૉચની અંદર રહેલી કલોક એક સેન્સર તરીકે વર્તે છે અને જયારે આપણે જરૂરી કલાકથી વધારે સુતા રહીએ તો વૉચ તેમાં રહેલા સેન્સર દ્વારા આપણી મૂવમેન્ટ ટ્રેક કરી અને વાઇબ્રશનની મદદ થી આપણને જગાડે છે.

**ડેટા આદાન-પ્રદાન સ્તર:**

આ પ્રક્રિયામાં ડેટાને એક જગ્યાએથી બીજી જગ્યાએ ટ્રાન્સફર કરવામાં આવે છે. આ આદાન-પ્રદાનમાં વાયરલેસ માધ્યમનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં TCP (Transmission Control Protocol) અને UDP (User Datagram Protocol) અને સાથે-સાથે MQTT (MQ Telemetry Transport) અને HTTP (Hypertext Transfer Protocol) જેવા પ્રોટોકોલનો ઉપયોગ કરવામાં આવે છે. પ્રોટોકોલ વાપરવા પાછળનું મૂળભૂત કારણ ટ્રાન્સમીટર અને રીસીવર બંને એક સામાન્ય માળખાથી માહિતી મોકલી તથા પ્રાપ્ત કરી શકે તે માટેનું છે. રીસીવર અને ટ્રાન્સમીટર એક કલાઉડ હોઈ શકે છે જે માહિતીનો સંચય કરવાનું કામ પણ કરી શકે છે.

**ડેટા પ્રોસેસીંગ સ્તર:**

આ સ્તર પર જરૂરી માહિતી એકત્ર કરવામાં આવે છે અને તેના પર કમ્પ્યુટર દ્વારા પ્રક્રિયા કરવામાં આવે છે. સેન્સર દ્વારા પ્રાપ્ત થયેલ ડેટાને કોઈ ચોક્કસ સ્વરૂપમાં ફેરવવામાં આવે છે. અને પછી તેના પર AI લાગુ પાડી અથવા કોઈ ચુનંદા અલ્ગોરિધમની મદદ થી જરૂરી નિર્ણય લેવામાં આવે છે .

**એપ્લિકેશન સ્તર:**

અહીં પ્રક્રિયા થયેલ ડેટાને ઉપયોગમાં લેવામાં આવે છે કોઈ ચોક્કસ રીતનો ઉપયોગ કરી અને વિવિધ વસ્તુઓને કંટ્રોલ કરવામાં આવે છે. આ અંતિમ સ્ટાર છે જેની સાથે તેનો વપરાશકર્તા પણ જોડાયેલો રહીને પ્રક્રિયાને તેના મન પ્રમાણે નિયંત્રિત કરી શકે છે. સ્વાસ્થ્ય, ખેતી, કારખાના, ઘરમાં ઑટોમેશન, સુરક્ષા, વગેરે જેવા ક્ષેત્રે આ સ્ટાર અંતિમ સ્ટાર તરીકે વર્તે છે.



દર્શિલ ચૌહાણ

# લેખ

## પડદો



માણસ કોઈપણ વસ્તુને બે કારણોસર ઢાંકી દેતો હોય છે: એક અથવા તો એ ચીજ જબરદસ્ત સુંદર હોય અને એના પર કોઈની નજર ન પાડવી જોઈએ એ કારણથી; અને બીજુ કે એ અતિશય ભદ્દી હોય અને એના પર કોઈની નજર ન પડવી જોઈએ એ કારણથી. આ ઢાંકવા માટેની વ્યવસ્થા એટલે પડદો. પડદો એટલે ફક્ત કાપડનો ટુકડો નહી, એ દરેક વસ્તું પડદો છે જે આગળ અને એની પાછળ રહેલી વસ્તુમાં ભ્રમ પેદા કરે છે. એ દરેક વસ્તુ પડદો છે જેની આગળ જે દેખાય છે એની પાછળ કંઈક અલગ જ જણાતું હોય.

જ્યાં સુધી યાદ આવે છે ત્યાં સુધી રાજપૂતાનામાં રાણીવાસની સુંદર સ્ત્રીઓની ગરિમા જાળવવા પડદા પ્રથા શરૂ થઈ હશે. (હોઈ શકે કે પુરુષપ્રધાન સમાજની ઈનસિક્યોરીટીના લીધેય સ્ત્રીઓને પડદા પાછળ રાખી હોય, પણ ભણવામાં એવું જ આવેલું.) આ પ્રથા ધીરેધીરે બધે જ પ્રસરી અને શરમ એ સ્ત્રીઓનું ઘરેણું અને પડદો એ શરમ માપવાનું સાધન બનતો ગયો. જેટલો મોટો પડદો એટલી વધારે શરમ. કહી શકાય કે પડદો અથવા તો ઘૂંઘટ એ શરમ માપવાનો ‘SI એકમ’ બની ગયો. મને એવું લાગે છે કે એ સમયમાં સ્ત્રીઓ માન-મર્યાદા જેવા ભારેભારે કારણોસર આ પડદા કે ઘૂંઘટ રાખતા હશે, પોતાની સુંદરતા છુપાવવા માટે! પણ ખૈર, સમય એનું કામ કરી ગયો અને હવે પડદાનો ઉપયોગ થાય છે માણસની ઈનસિક્યોરીટી છુપાવવા. પોતાને સુંદર બનાવવા અને પોતાને સુંદર દેખાડવા! સુંદર દેખાડવામાં વાંધો નથી, વાંધો એ છે કે એ ફિલ્ટર થકી સુંદર બનવા પાછળની પહેલી શરત એ બને કે તમે

સ્વીકારો કે તમે જેમ હાલ છો, એ સુંદર નથી. જે મને જરાય સ્વીકાર્ય નથી, કોઈને ન હોવું જોઈએ. આ ઈન્સ્ટાગ્રામ, સ્નેપચેટ અને આવી ઢગલો એપ્સ અત્યારે ડિજીટલ યુગમાં એ જ કરી રહી છે. જે કામ આજથી દસ વર્ષ પહેલા ફેઅર એન્ડ લવલી જેવી કંપનીઓ કરતી હતી. માણસની ઇનસિક્યોરીટીઓને ધંધામાં પરિવર્તિત કરવાની આ માસ મેન્ટાલિટી છે. માણસ ખાસ કારણસર ઘરમાં ખાસ તૈયાર થઈને નથી બેસતો. પોતાના ઘરમાં, પોતાના સમયે એ માણસ ખુદને સ્વીકાર્ય હોય છે. એ તો માણસ જ્યારે બહાર જાય છે લોકો વચ્ચે, અથવા તો કશેક રજૂ થવા માંગે છે ત્યારે આ ફિલ્ટરના પડદા લગાડે છે. કેવી અજીબ વાત છે ને? પચાસ-સો વર્ષ પહેલા ય પડદાનો ઉપયોગ થતો હતો શરમના કારણે, આજે પણ આવા પડદાનો ઉપયોગ થાય છે શરમના કારણે. પણ બેઉ શરમમાં કેટલો બધો ફરક! પહેલી શરમ એ વ્યાહવારિક શરમ હતી, જ્યારે બીજી તો ખુદથી જ શરમ છે. આગળ કહ્યું એમ જ, માણસ બે કારણોસર પડદાનો ઉપયોગ કરે છે. આપણે અત્યારે બીજા કારણના શાસનમાં જીવી રહ્યા છીએ.

એવું નથી કે આ બાબતે અવેરનેસ નથી. ઘણા પિક્ચરો, ડોક્યુમેન્ટરી બને છે આ બાબત પર. સેલ્ફ લવ ઉપર. બાલા- ઉજડા ચમન જેવી પિક્ચરોનું જોનર ભલે કોમેડી હોય, પણ વાત સીધી અને સચોટ છે. થોડા વર્ષો પહેલા આ 'ફેઅર એન્ડ લવલી' નો મોટા પાયે વિરોધ થયેલો, પણ તોફાન શમે એટલે બધું ઠેરનું ઠેર.

ખૈર, પડદા ખાલી શારિરીક સુંદરતાના નથી હોતા. (અત્યારનો) માણસ પોતાની કદરૂપીથી કદરૂપી વસ્તુઓ છુપાવવા માટે પડદાનો સહારો લે છે, જેને સરળ ભાષામાં લોકો ‘મહોરા’ કહે છે. આ પડદા એટલે એવા પડદા, જે અંદર છે એ તો બહાર ન જ દેખાવા દે અને જે બહાર દેખાય એ અંદરથી સાવ વિપરિત હોય.

આજે માણસ જેને ‘સેલ્ફ કંટ્રોલ’ કહે છે એ છે તો નરી પડદા પાછળ છુપાઈ જવાની કળા જ! કોલ સેન્ટરના પગારિયાતો જ જોઈ લો. વેલ જોક્સ અસાઈડ, ઘરમાં કોઈક મહેમાન નાના છોકરાને લઈને આવે ને એ બાળક તમારા ઘરનું કોઈ મૂલ્યવાન



રમકડું તોડી નાખે તો હું દાવો કરીને કહું કે તમારા મનમાં બોલાયેલ શબ્દો પડદા પાછળ રહી જશે અને મોઢેની નીકળેલા શબ્દો પડદામાં ફિલ્ટર થઈને એનાથી અલગ જ આવવાના.

વ્યવહારિક વાત કરીએ તો પડદા આગળની ઘટનાં એ રિઝલ્ટ છે, પડદા પાછળ થયેલી દરેક પ્રકારની સ્ટ્રગલોનો.

દરેક માણસ પડદા પાછળ અઢળક સ્ટ્રગલો કરતો હોય છે, ગાંડો થઈ જતો હોય છે, ત્યારે જઈને પડદા આગળ કંઈક ભજવી શકાય એવું લાવી શકે છે. ખરેખર તો પડદા પાછળ જ અસલી નાટકો ભજવાતા હોય છે. નાટક પૂરું થાય અને પડદો પડે અને પછી મહેનત પ્રમાણે તાળીઓ પડે. એ સાથે હું અહીં પડદો પાડી રહ્યો છું.





# લેખ/વાર્તા/માઈક્રોફિક્શન/કવિતા મોકલવા માટે

(૧) માત્ર શ્રુતિ ગુજરાતી ફોન્ટમાં 'Word File Format'માં ટાઈપ કરી ભાષા અને જોડણીની ભૂલો ચકાસી રચના મોકલવી. ભાષાશુદ્ધિ અને જોડણીમાં જો વધુ ભૂલો હશે તો કૃતિ સ્વીકારવામાં આવશે નહિ, જેની નોંધ લેવી. ગુજરાતી લખાણના બધા નિયમો પળાય એ સૌથી પાયાની જરૂરિયાત છે.

(૨) કોઈ પણ ઓનલાઈન કે ઓફલાઇન પ્લેટફોર્મ પર અપ્રકાશિત હોય, એવી જ કૃતિ મોકલવી. કૃતિ સ્વરચિત અને મૌલિક હોવી જોઈએ.

(૩) કૃતિમાં મોટેભાગે ગુજરાતી જ ટાઈપ કર્યું હોય એ જરૂરી છે. અમુક શબ્દો અંગ્રેજી, હિન્દી અથવા સંસ્કૃત ભાષામાં ટાઈપ કરેલા ચાલશે. પણ એ શક્ય હોય ત્યાં સુધી ઓછા રાખવા. જેથી સમરસતા સચવાઈ રહે.

**(૪) કૃતિ માત્ર મેઇલ દ્વારા જ સ્વીકારવામાં આવે છે. અમારું મેઇલ-એડ્રેસ આ મુજબ છે:** pankhemagazine@gmail.com

(૫) કૃતિ મેઇલ કર્યા પછી જો સિલેક્ટ થશે તો મેઇલ દ્વારા જ જાણ કરવામાં આવશે. અન્ય માધ્યમોમાં એ વિશે પૃચ્છા કરવી નહીં.

(૬) 'પંખ' બિન-વ્યવસાયિક મેગેઝીન હોવાથી અમારા તરફથી કોઈ પણ પ્રકારનો પુરસ્કાર આપવામાં આવતો નથી.

(૭) તમે મોકલેલી કૃતિ-સ્વીકારનો અંતિમ નિર્ણય 'પંખ'ની ટીમનો રહેશે.

(૮) કૃતિનો સ્વીકાર થાય તો તમને મેઈલ મળી જશે. જો એ માટે વિલંબ થાય ને તમે અન્ય માધ્યમોમાં આપો, તો પણ વાંધો નહિ. એ માટે તમારે અમને જાણ કરવી જરૂરી નથી. કારણ કે જ્યારે પણ અમે નક્કી કરીશું કે હવે આ કૃતિ અમારે મુકવી છે, તો એ પહેલા અમે મેઈલ કરીશું જ. આપનો જવાબ નહિ આવે ત્યાં સુધી નહિ મૂકીએ.

(૯) સામાન્યતઃ એવો નિયમ હોય છે કે કૃતિ એક કરતાં વધુ જગ્યાએ મોકલો, તો જ્યાંથી વહેલો જવાબ આવે, એ સિવાયની જગ્યાએ સર્જક જ સામેથી જાણ કરવાની હોય છે. પણ અમે એ કામ સર્જક માટે આસાન બનાવ્યું છે. અમે પૂછીએ અને જો તમારી કૃતિ બીજે ના સ્વીકારાયી હોય તો અમે પછી સ્વીકારીએ છીએ.

# પંખ e-magazine
સ્વકેન્દ્રીથી સમકેન્દ્રી વિશ્વ તરફની ઉડાન




આપને 'પંખ'નો આ અંક કેવો લાગ્યો ?
આપના પ્રતિભાવો **WhatsApp** દ્વારા આપવા માટે અહીં ક્લિક કરો.

## https://wa.me/916355953355

પંખ e-magazine
WhatsApp contact

# ટીમ 'પંખ'

## યાજ્ઞિક વઘાસિયા

## કેયુર દુધાત

## અનંત ગોહિલ

## વિરલ જોશી

## હોઝેફા અગવાન

## ધ્રુવિલ ચોડવડીયા

## મિહીર ગેડીયા

---

"તમે તમારા ધ્યેય હાસ્યાસ્પદ રીતે સૌથી ઉપર રાખો, તો લગભગ મોટાભાગના લોકોની સફળતા કરતા પણ તમારી અસફળતા ઊંચી હશે."

- જેમ્સ કેમેરોન

# આ અંકમાં સહભાગી કલમો

રમેશ પારેખ
ઇસ્માઇલભાઈ નાગોરા
ડૉ. રંજન જોષી
તેજલ શાહ
બંસરી જોષી
અર્ચિતા દીપક પંડ્યા
અર્પણ ક્રિસ્ટી
શબનમ ખોજા
વર્ધન શાહ
કશ્યપ વ્યાસ
દર્શિલ ચૌહાણ
વિવેક ચુડાસમા

---

# ફોટોગ્રાફી

**ચિરાગ બારોટ (ફ્રન્ટ કવર)**

https://instagram.com/living_clicks?igshid=YmMyMTA2M2Y=

**અમિત સોલંકી (બેક કવર)**

https://instagram.com/vasco_di_gama_?igshid=YmMyMTA2M2Y=

